**AFS**

## PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| **Name Of The Post** | **Child Development Project Officer (Female), Women and Child Development Department Class-2** |
| **Advertisement No** | **53/2018-19** |
| **Preliminary Test Held On** | **04-11-2018** |
| **Que. No.** | **001-300(G.S. & Concerned Subject)** |
| **Publish Date** | **06-11-2018** |
| **Last Date To Send Suggestion (S)** | **17-11 -2018** |

# Note:-

**(1) All Suggestions are to be sent with reference to website published Question paper with Provisional Answer Key Only.**

**(2) All Suggestions are to be sent in the given format only.**

**(3) Candidate must ensure the above compliance.**

(૧) ઉમેદવારે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઇટ પર પ્રસિધ્ધ થયેલ નિયત નમૂનાનો ઉપયોગ કરવો.

(૨) ઉમેદવારોએ પોતાને પરીક્ષામાં મળેલ સીરીઝની પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્ન ક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઇટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કીના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા

(૩) ઉમેદવારોએ ઉક્ત સૂચનાનું અચૂક પાલન કરવું અન્યથા વાંધા-સૂચનો અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહી.

001. નીચેના પૈકી કયુ સ્થળ અમદાવાદમાં આવેલ નથી ?

(A) ઝકરીયા મસ્જિદ
(B) રાણી રૂપમતીની મસ્જિદ
(C) દાદા હરિની વાવ
(D) કીર્તિ મંદિર

002. નીચેના પૈકી કયા વાક્યો યોગ્ય છે ?

1. ભારતનું સ્થાન ઉત્તર ગોળાધર્મ આવેલું છે.

2. ભારત 8° થી 37° ઉત્તર અક્ષાંશ વચ્ચે આવેલું છે.

3. દેશના કેટલાક સ્થળો દરિયા કિનારેથી લગભગ 1500 કિલોમીટર કરતા વધારે અંતર આવેલ છે.

4. ભારતમાં વરસાદનો આધાર મોસમી પવન ઉપર નથી.

(A) 1, 2, 3 અને 4
(B) 1, 3, 4
(C) 1, 2 અને 4
(D) 1, 2 અને 3

003. ભારતનું રાજ્ય અને કુદરતી સરોવરની વિગતો દર્શાવતા જોડકાઓ પૈકી કયુ જોડકુ યોગ્ય નથી ?

(A) કાશ્મીર – વુલર સરોવર
(B) આંધ્રપ્રદેશ – કોલાર સરોવર
(C) તામિલનાડુ – પુલીકટ સરોવર
(D) રાજસ્થાન – દાલ સરોવર

004. નીચે જણાવેલ બંદરો (Port) અને રાજ્યોના જોડકાઓ પૈકી કયુ જોડકું યોગ્ય નથી ?

(A) દીનદયાળ પોર્ટ – ગુજરાત
(B) પેરામ્બુર પોર્ટ – કર્ણાટક
(C) કોચીન પોર્ટ – તામિલનાડુ
(D) પોર્ટ બ્લેઅર – આંદામાન

005. નેશનલ પાર્ક અને સબંધીત રાજ્યોને યોગ્ય રીતે ગોઠવો.

| | |
|---|---|
| 1. કોર્બેટ નેશનલ પાર્ક | (A) મધ્ય પ્રદેશ |
| 2. રણથંભોર નેશનલ પાર્ક | (B) કર્ણાટક |
| 3. બાંદીપુર નેશનલ પાર્ક | (C) રાજસ્થાન |
| 4. કાન્હા નેશનલ પાર્ક | (D) ઉત્તરાખંડ |

(A) 1-D, 2-C, 3-B, 4-A
(B) 1-C, 2-B, 3-A, 4-D
(C) 1-B, 2-A, 3-D, 4-C
(D) 1-A, 2-D, 3-C, 4-B

006. ગુજરાત રાજ્યની અગત્યની સંસ્થાઓ અને તેના સ્થાનની વિગતો દર્શાવતા જોડકાઓ પૈકી કયું જોડકુ યોગ્ય નથી ?

(A) મહાત્મા ગાંધી લેબર ઈન્સ્ટીટ્યુટ – પોરબંદર
(B) સેન્ટ્રલ યુનિવર્સિટી – ગાંધીનગર
(C) ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી – જામનગર
(D) નેશનલ એકેડમી ઑફ ઈન્ડીયન રેલ્વે – વડોદરા

007. રાજ્યના સાંસ્કૃતિક વનો અને તેના સ્થળોને દર્શાવતા જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) પુનિત વન – ગાંધીનગર
(B) માંગલ્ય વન – અંબાજી
(C) ભક્તિ વન – સોમનાથ
(D) ગોવિંદ ગુરૂ સ્મૃતિ વન – માનગઢ

008. ગુજરાતમાં ભારતીય શાસ્ત્રીય સંગીતનો પ્રખ્યાત ઉત્સવ “તાનારીરી” ગુજરાતમાં કયા સ્થળે ઉજવવામાં આવે છે ?

(A) વિસનગર
(B) મહેસાણા
(C) મોઢેરા
(D) વડનગર

009. “રતન મહાલ પક્ષી અભયારણ્ય” અને રીંછ આરણ્ય કયા રાજ્યમાં આવેલ છે ?

(A) મહારાષ્ટ્ર
(B) ગુજરાત
(C) આસામ
(D) આંધ્ર પ્રદેશ

010. નીચેના વાક્યો પૈકી કયા વાક્યો યોગ્ય છે ?

1. મહારાજા ફતેસીંહ મ્યુઝીયમ વડોદરામાં છે.

2. કૅલીકો ટેક્સટાઈલ મ્યુઝીયમ અમદાવાદમાં છે.

3. કચ્છ મ્યુઝીયમ અંજાર ખાતે આવેલ છે.

4. વૉટ્સન (Watson) મ્યુઝીયમ રાજકોટમાં છે.

(A) 1, 2 અને 3
(B) 1, 2 અને 4
(C) 2, 3 અને 4
(D) 1, 3 અને 4

011. ગુજરાતી સાહિત્યકાર અને તેઓ દ્વારા લખવામાં આવેલ કૃતિઓના જોડકા પૈકી કયા જોડકા યોગ્ય છે ?

1. ઝવેરચંદ મેઘાણી – કસુંબીનો રંગ

2. અખો – છપ્પા

3. નરસિંહ મહેતા – વૈષ્ણવજન

4. રઘુવીર ચૌધરી – સરસ્વતિચંદ્ર

(A) 4
(B) 3
(C) 2
(D) 1

012. ગુજરાતના લેખકો અને ઉપનામની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

1. મરીઝ – અબ્બાસ અબ્દુલ અલી વાસી

2. ધુમકેતુ – ગૌરીશંકર ગોવર્ધનરામ જોષી

3. ઉશનસ્ – નટવરલાલ કુબેરદાસ પંડ્યા

4. દર્શક – યશવંત શુક્લ

(A) 2
(B) 4
(C) 3
(D) 1

013. ગુજરાતના કયા જીલ્લામાં સેક્સ રેશીયો (Sex ratio) સૌથી ઓછો છે, અને સાક્ષરતા દર (Literacy rate) વધારે છે ? (2011 નાં સેન્સસ મુજબ)

(A) અમદાવાદ
(B) રાજકોટ
(C) સુરત
(D) ભાવનગર

014. સને 2011 ના સેન્સસ મુજબ ભારતની વસ્તીના કેટલા ટકા (%) વસ્તી ગુજરાતમાં વસે છે ?

(A) 4.99 $\left(\frac{499}{100}\right)$
(B) 5.05 $\left(\frac{505}{100}\right)$
(C) 4.93 $\left(\frac{493}{100}\right)$
(D) 4.16 $\left(\frac{416}{100}\right)$

015. ભારતના રાજાઓના, સમયમાં આવેલ પરદેશી પ્રવાસીઓની જોડીઓ પૈકી કઈ જોડ યોગ્ય છે ?

| પ્રવાસી | | રાજા |
|---|---|---|
| 1. ફા-હેન Fa-hien | – | કુમાર ગુપ્ત રાજા - પ્રથમ |
| 2. હ્યુ-એન-સંગ (Hiuen-Isang) | – | હર્ષવર્ધન |
| 3. ઈબ્ન-બતુલા (Ibn-Batula) | – | મહમદ-બીન-તઘલક |

(A) માત્ર પ્રથમ
(B) 1 અને 2
(C) 2 અને 3
(D) 1, 2 અને 3

016. અલારીપ્પુ (Alarippu) નીચેના પૈકી કોની સાથે સંકળાયેલ છે ?

(A) મોહીની યટ્ટમ નૃત્યના અંત સાથે સંકળાયેલ છે.
(B) આંધ્રપ્રદેશમાં એક કલાકાર દ્વારા કરવામાં આવતુ નૃત્ય
(C) પુડીચરીમાં કરવામાં આવતા નૃત્યનો એક પ્રકાર
(D) "ભરતનાટ્યમ" પહેલા કરવામાં આવતી સ્તુતિ/અભ્યર્થના

017. નીચેના પૈકી કોનો યુનીસ્કો (Unesco)ની વર્લ્ડ હેરીટેજ સાઈટમાં સમાવેશ થાય છે ?

1. કાંચનજંગા નેશનલ પાર્ક (Kanchenjanga National Park)
2. ચંદીગઢ ખાતેનું કેપીટલ કોમ્પ્લેયક્ષ (Capital Complex)
3. નાલંદા મહાવીહારા (Mahaivara)
4. ગુડખર સેંચુરી - કચ્છનું નાનું રણ

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1, 2 અને 3
(D) 1, 2, 3 અને 4

018. ઉસ્તાદ યોજના "Usttad Scheme" અંગે નીચેના પૈકી કયા વાક્ય/વાક્યો યોગ્ય છે ?

1. આ યોજના સ્કીલ ડેવલપમેન્ટ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલ છે.
2. વંશ પરંપરાગત કલાનો વિકાસ કરવો અને આધુનિક ગ્રાહકના માંગના પ્રમાણમાં પુરવઠો આપવાનો હેતું છે.

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) 1 અને 2, બન્ને વાક્યો યોગ્ય છે.
(D) 1 અને 2, બન્ને વાક્યો યોગ્ય નથી.

019. રાજ્યો અને તેમા ઉજવાતા ઉત્સવો દર્શાવતી જોડીઓ પૈકી કઈ જોડીઓ યોગ્ય છે ?

1. સાગા દેવા (Saga Dava) – સિક્કિમ
2. ચપચર કુટ (Chapchar Kut) – ઉત્તરાખંડ
3. હૉર્નીબીલ (Hornbill) – નાગાલેન્ડ
4. લોશહર (Loshar) – અરૂણાંચલ પ્રદેશ

(A) 1, 2 અને 3
(B) 1, 2 અને 4
(C) 1, 3 અને 4
(D) 2, 3 અને 4

020. નીચેના પૈકી કયુ તળાવ માનવસર્જિત (Man made) છે ?

(A) કોલ્લીરૂ Kolleru – આંધ્રપ્રદેશ
(B) કોડાઈ કેનાલ Kadai Kenal – તામીલનાડુ
(C) નૈનીતાલ Nainital – ઉત્તરાખંડ
(D) રેણુકા Renuka – હિમાચલ પ્રદેશ

021. "એવર લાસ્ટીંગ ફ્લેમ (everlasting flames)" સમાચારમાં છે. આ નીચેની કઈ બાબત સાથે સંકળાયેલ છે ?

(A) ભારત અને ઈઝરાયેલ વચ્ચે સંસ્કૃતિક આદાન પ્રદાનનો પ્રોજેક્ટ
(B) પારસી લોકોની સંસ્કૃતિના જતન માટેનો પ્રોજેક્ટ
(C) મ્યાનમારી અને ભારત વચ્ચેનો વેપાર કરાર
(D) શીખ સમુદાય દ્વારા ગુરૂદ્વારાની પ્રવૃત્તિ વધારવાનો કાર્યક્રમ

022. "ગોમબેયટ્ટા" (gombayetta) કઠપુતળીની કળા, મુળ કયા રાજ્યની છે ?

(A) કર્નાટક
(B) કેરલા
(C) તામીલનાડુ
(D) આંધ્ર પ્રદેશ

023. કુતુબમીનાર (Qutub Minar) ના બાંધકામમાં નીચેના પૈકી કયા બાદશાહે યોગદાન આપેલ નથી ?

(A) ફીરોઝશાહ તઘલખ
(B) અલ્તમશ
(C) કુતબુદ્દીન ઐબક
(D) અલ્લાઉદ્દીન ખિલજી

024. રણ વિસ્તારમાં પાંદડાઓમાથી પાણીનું પ્રમાણ ઘટી ન જાય તે માટે પાંદડાઓ કેવા પ્રકારનાં હોય છે ?

1. સખત અને તેના ઉપર મીણજેવું આવરણ હોય છે.

2. પાંદડા નાના હોય છે.

3. પાંદડાની સાથે કાંટાઓ પણ હોય છે.

(A) 1, 2 અને 3 મુજબના
(B) 1 અને 2 મુજબના
(C) 1 અને 3 મુજબના
(D) 2 અને 3 મુજબના

025. લેખક અને કૃતિ દર્શાવતા જોડકાઓ પૈકી કઈ જોડી / જોડીઓ યોગ્ય છે ?

| લેખક | કૃતિ |
|---|---|
| 1. ભવભૂતિ Bhavbhuti | – બુધ્ધચરિત્ર |
| 2. પાણીની Panini | – મહાભાષ્ય |
| 3. વિશાખાદત્ત Vishakhadatta | – મુદ્રા રાક્ષસ |
| 4. સુદરકા Sudraka | – મૃચ્છ કટીક |

(A) 2, 3 અને 4
(B) 1, 2 અને 3
(C) 3 અને 4
(D) 1, 2, 3, 4

026. ચુરવ (Cheraw) વાંસ ઉપરનું નૃત્ય કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ?

(A) મધ્ય પ્રદેશ
(B) મેઘાલય
(C) મીઝોરામ
(D) નાગાલેન્ડ

027. ભરત કામના પ્રકાર અને સબંધીત રાજ્યોના જોડકામાંથી કયા જોડકા યોગ્ય છે ?

1. પીપલી ભરતકામ – ઓરીસ્સા

2. આરી ભરતકામ – ગુજરાત

3. બનઝારા ભરતકામ – આંધ્રપ્રદેશ

4. ગોતા ભરતકામ – બિહાર

(A) 1, 2 અને 3
(B) 1, 2 અને 4
(C) 1, 3 અને 4
(D) 2, 3 અને 4

028. 100 મીલીયન ફોર 100 મીલીયન (100 million for 100 million) ચળવળ શાની સાથે સંકળાયેલ છે ?

(A) પાણી બચાવો
(B) બાળકોના અધિકાર
(C) શરણાર્થીઓને રક્ષણ
(D) પ્રાણીના અધિકારોનું રક્ષણ

029. હિન્દી સાહિત્યના લેખકો અને તેમની કૃતિઓ પૈકી કઈ જોડ યોગ્ય નથી ?

(A) ચંદ્રકાન્તા સન્તતિ – બાબુ દેવકીનન્દન ખત્રી
(B) નિર્મલા – પ્રેમચંદ
(C) કામાયની – સૂર્યકાન્ત ત્રિપાઠી ‘નિરાલા’
(D) યામા – મહાદેવી વર્મા

030. સ્વતંત્રતા માટેના પ્રથમ યુદ્ધના સંદર્ભમાં નીચેના વાક્યો તપાસો. આ યુદ્ધ બાદ

1. ભારતનો વહીવટ જોવા એક સચિવની નિમણુક કરવામાં આવી.

2. કંપનીના બોર્ડને વધારે અધિકારો અને જવાબદારી આપવામાં આવી.

3. કંપની પાસેથી બધાજ અધિકારો લઈ લેવામાં આવ્યા અને સત્તા બ્રીટીશ રાજ્યને આપવામાં આવી.

(A) 1 અને 2 વાક્યો સાચા છે.
(B) 2 અને 3 વાક્યો સાચા છે.
(C) 1 અને 3 વાક્યો સાચા છે.
(D) 1, 2 અને 3 વાક્યો સાચા છે.

031. ભારતની સંસ્થાઓ અને તેના સ્થાપકોની જોડી પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) બ્રહ્મો સમાજ – રાજા રામ મોહન રૉય
(B) પ્રાર્થના સમાજ – કેશવચંદ્ર સેન અને આત્મારામ પાંડુરંગ
(C) આર્ય સમાજ – સ્વામી દયાનંદ સરસ્વતી
(D) હોમરૂલ – ગોપાલ કૃષ્ણ ગોખલે

032. તરાઈનું પ્રથમ યુદ્ધ (1191)માં કયા રાજવીઓ વચ્ચે થયેલ હતું ?

(A) મુહમ્મદ ઘોરી અને પૃથ્વીરાજ ચૌહાણ
(B) કુત્બુદ્દીન ઐબક અને પૃથ્વીરાજ ચૌહાણ
(C) આરામશાહ અને ઈલ્તુતમશ
(D) ઈલ્તુતમશ અને તજ્જુદિન

033. સંગમ સાહિત્ય (Sangam literature) બાબતમાં નીચેના વાક્યો તપાસો :

1. આ સાહિત્યમાં ધર્મ, ધર્મ નિરપેક્ષતા, લૌકિક બાબતો અંગે ચર્ચા કરવામાં આવેલી છે.
2. સંતો, કવીઓ જેમા પુરૂષ અને સ્ત્રીઓ દ્વારા મહત્વનું યોગદાન આપવામાં આવેલ છે.

(A) પ્રથમ વાક્ય યોગ્ય છે.
(B) બીજું વાક્ય યોગ્ય છે.
(C) પ્રથમ અને બીજું, બંન્ને વાક્યો યોગ્ય છે.
(D) પ્રથમ અને બીજું, બંન્ને વાક્યો યોગ્ય નથી.

034. ભારતની ક્રાંતિકારી પ્રવૃત્તિ સાથે નીચેના પૈકી કયા મહાનુભાવ જોડાયેલ નથી ?

(A) વાસુદેવ બળવંત ફડકે
(B) વિનાયક દામોદર સાવરકર
(C) મોહનલાલ પંડ્યા
(D) ખુદીરામ બોઝ

035. ગુજરાતના "સોલંકી વંશ" સબંધીત કયા વાક્યો યોગ્ય છે ?

1. મુળરાજ સોલંકી મુળ સ્થાપક હતા.
2. આસમયમાં સિદ્ધપુરમાં રુદ્રમહાલયનું નિર્માણ થયેલ હતું.
3. રાણી ઉદયમતીએ પાટણમાં "રાણકી વાવ" બંધાવી હતી.
4. મીનળદેવીએ વિરમગામમાં મલાવ તળાવનું નિર્માણ કરાવેલ.

(A) 1, 2 અને 4
(B) 1, 2 અને 3
(C) 1, 3 અને 4
(D) 2, 3 અને 4

036. ફતેખાન (મહેમુદ બેગડો) સબંધીત કઈ બાબતો યોગ્ય નથી ?

(A) વાત્રક નદીના કિનારે "મહંમદાબાદ"ની સ્થાપના કરી.
(B) દ્વારકા ઉપર વિજય મેળવનાર અગત્યનો મુસ્લિમ સુલતાન હતો.
(C) સરખેજમાં રોજાઓનું નિર્માણ કરેલ હતું.
(D) તેના વખતમાં રાજધાની તરીકે "મહંમદાબાદ" વિકસેલ હતું.

037. 1802 માં બેસીન સંધિ (Treaty of Bessein 1802) કોના વચ્ચે થયેલ હતી ?

(A) બ્રિટીશ કંપની અને પેશવા
(B) બ્રિટીશ કંપની અને નવાબ
(C) બ્રિટીશ કંપની અને શીખ
(D) બ્રિટીશ કંપની અને ફ્રેન્ચ

038. 1874-75માં મહારાષ્ટ્રમાં જે ખેડુત આંદોલન થયેલ હતા તે કોની સામે થયેલ હતા ?

(A) મોટા જમીનદાર
(B) ધનાઢ્ય શાહુકાર
(C) મહેસુલ એકત્ર કરનાર
(D) અફીણ ઉગાડનારને પ્રોત્સાહન આપનાર

039. ઈન્ટરનેશનલ લેબર ઑર્ગેનાયઝેશન ના કન્વેનશન 138 અને 182 (International Labour Organisation, Conventions 138 & 182) કઈ બાબત સાથે સંકળાયેલ છે ?

(A) બાળ મજુરના પ્રશ્નો
(B) પર્યાવરણના સંદર્ભમાં ખેતીનાં ક્ષેત્રમાં ફેરફાર
(C) ખાદ્ય પદાર્થોની કિમ્મત
(D) કાર્ય મથકમાં જેન્ડર (gender) ની સમાનતા

040. હંટર કમિશનની અગત્યની ભલામણ કઈ હતી ?

1. પ્રાથમિક શિક્ષણને પ્રોત્સાહન

2. સ્ત્રી શિક્ષણને મહત્વ

3. લઘુમતિ જાતીઓમાં શિક્ષણનો પ્રચાર

4. સમાયાંતરે શિક્ષણમાંથી સરકારી સહાય નાબુદ કરવી.

(A) 1, 2 અને 4
(B) 1, 2 અને 3
(C) 1, 3 અને 4
(D) 2, 3 અને 4

041. આર્થિક સર્વેક્ષણ 2017-18 (Economic Survey 2017-18) માં જે દસ નવી હકીકતો દર્શાવેલ છે (Ten New Facts of The Indian Economy) તેમા નીચેની પૈકી કઈ બાબત દર્શાવેલ નથી ?

(A) સીધા અને આડકતરા વેરાઓ ચુકવનારાની સંખ્યામાં મોટો વધારો થયેલ છે.

(B) રાજ્યની સમૃદ્ધિએ આંતરરાષ્ટ્રીય અને આંતર રાજ્ય વેપાર ઉપર આધારીત છે.

(C) કરવેરા વસુલાત બાબતના વિવાદો સરકારના સરળ નિયમ ઘડતરથી ઘટાડી શકાય છે.

(D) વિકાસને જડપથી વધારવા બચતને રોકાણો કરતાં પ્રાધ્યાન્ય આપવું.

042. 2011ના સેન્સસમાં નીચેના પૈકી કઈ બાબતોનો સમાવેશ થયેલ છે ?

1. આ સેન્સર 15મું સેન્સસ હતુ.

2. વસ્તીના આખરી આંકડાઓ 30 એપ્રીલ 2013 ના રોજ જાહેર કરવામાં આવેલ હતા.

3. ભારતમાં વસ્તીની ધનતા દર કીલો મીટર દીઠ 382 ની છે.

4. સ્ત્રી સશક્તિકરણ.

(A) 1, 2 અને 4
(B) 1, 2, 3 અને 4
(C) 1, 2 અને 3
(D) 2, 3 અને 4

043. નાણા બીલ (Money bill) કઈ જગ્યાએ રજૂ કરવામાં આવે છે ?

(A) માત્ર લોકસભા

(B) માત્ર રાજ્યસભા

(C) લોકસભા અને રાજ્યસભા - કોઈપણ ગૃહમાં રજૂ કરી શકાય છે.

(D) રીઝર્વ બેન્કનાં ગર્વનર સમક્ષ

044. પ્રથમ એશીયન ગેમ (Asian Games) કયા દેશમાં રમાયેલ હતી ?

(A) ફીલીપાઈન્સ
(B) ભારત
(C) પાકિસ્તાન
(D) જકાર્તા

045. મા. પ્રધાન મંત્રીશ્રીની "પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના (Pradhan Mantri Kaushal Vikas Yojana)" સંદર્ભમાં કયુ વાક્ય યોગ્ય છે ?

1. શ્રમ અને રોજગાર મંત્રાલયની આ અગત્યની યોજના છે.

2. આ યોજનામાં સોફ્ટ સ્કીલ ઉદ્યોગ સાહસિકતા, નાણાનું આયોજન વિગેરે બાબતોની તાલીમ આપવામાં ઓવે છે.

(A) પ્રથમ વાક્ય (1)
(B) બીજું વાક્ય (2)
(C) 1 અને 2 બન્ને વાક્યો યોગ્ય છે.
(D) 1 અને 2 બન્ને વાક્યો યોગ્ય નથી.

046. નાણાકીય નીતિની દ્વિ-માસીક સમીક્ષા પોલીસી (Bi-monthly monetary policy) કોના દ્વારા કરવામાં આવે છે ?

(A) નીતિ આયોગ
(B) ભારત સરકારનું નાણા મંત્રાલય
(C) રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયા (RBI)
(D) અર્થશાસ્ત્ર અને આંકડા બ્યુરો

047. 2011 સેન્સસ મુજબ, ગુજરાતમાં કામદારોની (Work Participation Rate) ટકાવારી કેટલી છે ?

(A) 44 (B) 43

(C) 42 (D) 41

048. બેંકો દ્વારા ''પ્રાયોરીટી લેન્ડીંગ - Priority lending''માં કોનો સમાવેશ થાય છે ?

1. ખેતીવાડીનું ધિરાણ

2. MSM માટેનું ધિરાણ

3. શિક્ષણ માટેનું ધિરાણ

4. રોડ, બ્રીજ (પુલ) બાંધકામ માટેનું ધિરાણ

(A) 1, 3 અને 4 (B) 2, 3 અને 4

(C) 1, 2 અને 4 (D) 1, 2 અને 3

049. એનર્જી સ્ટેટેસ્ટીક્સ (Energy Statistics) કોના દ્વારા બહાર પાડવામાં આવે છે ?

(A) નીતિ આયોગ (B) સેન્ટ્રલ પાવર રીસર્ચ સંસ્થા

(C) આંકડા અને પ્રોગ્રામ અમલીકરણ મંત્રાલય (D) પાવર ફાયનાન્સ કોર્પોરેશન

050. જ્યારે લોકસભામાં બજેટ (Budget) ના મંજુર થાય છે ત્યારે

(A) મંજૂરી અર્થે રાજ્યસભાને મોકલવામાં આવે છે.

(B) જરૂરી સુધારા-વધારા કરીને પુનઃ રજૂ કરવામાં આવે છે.

(C) નાણામંત્રી રાજીનામુ આપે છે.

(D) સંપૂર્ણ મંત્રી મંડળ રાજીનામુ આપે છે.

051. નીચેના કયા કાર્ણોસર બજારમાં નાણાં પુરવઠો (Money-Supply) વધશે ?

1. સેન્ટ્રલ બેંક દ્વારા જામીનગીરીનું વેચાણ.

2. પ્રજા દ્વારા બેંકોમાં રોકાણ.

3. સેન્ટ્રલ બેંક દ્વારા જામીનગીરીની ખરીદી.

4. સરકાર દ્વારા સેન્ટ્રલ બેંકમાંથી ધિરાણ મેળવવું.

(A) 1 અને 2 (B) 2 અને 3

(C) 3 અને 4 (D) 4 અને 1

052. નદીના પટમાંથી મોટા પાયા ઉપર રેતીનું ખનન (Mining) કરવાથી શું અસર થાય છે ?

1. નદીના પાણીની ખારાશ ઘટે છે.

2. ભુતળના પાણીમાં પ્રદુષણ વધે છે.

3. પાણીના તળમાં ઘટાડો થાય છે. (ground water level)

(A) 1 અને 2 (B) 2 અને 3

(C) 1 અને 3 (D) 1, 2 અને 3

053. ભારતનું બંધારણ ઘડવા માટે પ્રથમ પ્રયત્ન કરવામાં આવેલો અને તે માટે ની કમિટી નીમવામાં આવેલ હતી. આ કમિટીનો અહેવાલ કયા નામે પ્રખ્યાત છે ?

(A) ઈરવીન રીપોર્ટ (B) લોર્ડ માઉન્ટ બેટન રીપોર્ટ

(C) નહેરૂ રીપોર્ટ (D) હંટર કમિટી રીપોર્ટ

054. ભારતનો વહીવટ કંપની પાસેથી લઈને બ્રીટનનાં તાજને સોપવાનો નિર્ણય કયા કાયદા હેઠળ લેવામાં આવેલ હતો ?

(A) ગર્વનમેન્ટ ઑફ ઈન્ડીયા એક્ટ 1935
(B) ગર્વનમેન્ટ ઑફ ઈન્ડીયા એક્ટ 1858
(C) ગર્વનમેન્ટ ઑફ ઈન્ડીયા એક્ટ 1909
(D) ગર્વનમેન્ટ ઑફ ઈન્ડીયા એક્ટ 1861

055. નીચેના પૈકી કઈ સંસ્થા બેન્કોના ATM સાથે સંકળાયેલ છે ?

(A) નેશનલ ફાયનાન્શીયલ સ્વીચ (NFS - National Financial Switch)
(B) ઈન્ડીયન બેન્કર્સ એસોશીયેશન (Indian Bankers Association)
(C) નેશનલ સીક્યુરીટી ડીપોઝીટરી લી. (National Securities Depository Ltd.)
(D) રીઝર્વ બેન્ક ઑફ ઈન્ડીયા (RBI)

056. રાજ્ય પોતાની આર્થિક શક્તિ અને વિકાસની મર્યાદામાં રહીને શિક્ષણ, કામ વગેરે માટે કાર્યસાધક જોગવાઈ કરશે. આ જોગવાઈ ભારતનાં બંધારણના કયા આર્ટિકલમાં કરવામાં આવેલ છે ?

(A) 40
(B) 41
(C) 42
(D) 43

057. સંસદમાં કોનો સમાવેશ થાય છે ?

1. રાષ્ટ્રપતિ 1. ઉપરાષ્ટ્રપતિ 3. લોકસભા 4. રાજ્યસભા

(A) 1, 2 અને 3
(B) 1, 2 અને 4
(C) 2, 3 અને 4
(D) 1, 3 અને 4

058. રાષ્ટ્રપતિ ઉપર સંવિધાનના ઉલ્લંઘન માટે મહાઆરોપ (Impeachment) ની કાર્યપદ્ધતિ ભારતના બંધારણના કયા આર્ટિકલમાં દર્શાવેલ છે ?

(A) 60
(B) 61
(C) 62
(D) 63

059. ઉચ્ચતમ ન્યાયાલયના (Supreme Court)ના ન્યાયાધીશની મહત્તમ ઉંમર, હોદ્દો ધારણ કરવા માટે કેટલા વર્ષની ઠરાવેલ છે ?

(A) 60
(B) 58
(C) 65
(D) 62

060. એટર્ની જનરલના કાર્યની સમય મર્યાદા ભારતના બંધારણના કયા આર્ટિકલ હેઠળ નક્કી કરવામાં આવેલ છે ?

(A) 76(1)
(B) 76(2)
(C) 76(3)
(D) 76(4)

061. દરેક રાજ્યમાં ગામ, મધ્યવર્તી અને જિલ્લા સ્તરે પંચાયતની જોગવાઈ કરવી ફરજીયાત છે. આ જોગવાઈ ભારતના બંધારણના કયા આર્ટિકલમાં જણાવવામાં આવેલી છે ?

(A) 243 - A
(B) 243 - B
(C) 243 - C
(D) 243 - D

062. દેશનું ચૂંટણી આયોગ નીચેના પૈકી કોની ચૂંટણી માટે ફરજ બજાવે છે ?

1. રાષ્ટ્રપતિ અને માન. ઉપરાષ્ટ્રપતિ

2. લોકસભા

3. રાજ્યની વિધાનસભા

4. ગ્રામપંચાયતો અને મ્યુનિસિપાલિટી

(A) 1, 2 અને 4
(B) 1, 3 અને 4
(C) 1, 2 અને 3
(D) 2, 3 અને 4

063. રાજ્યના લોકસેવા આયોગમાં અધ્યક્ષ અને બીજા સભ્યોને નિમણુંક આપવાની સત્તા માન. ગર્વનરશ્રીની છે. આ બાબત ભારતનાં બંધારણના કયા આર્ટિકલમાં જણાવવામાં આવેલ છે ?

(A) 315 (B) 316

(C) 317 (D) 318

064. સેન્ટ્રલ વિજીલન્સ એક્ટ કયા વર્ષથી અમલમાં આવેલ છે ?

(A) 2003 (B) 2004

(C) 2005 (D) 2006

065. માહિતી અધિકાર હેઠળ, "માહિતી જાહેર કરવાની મુક્તિ" અંગેની જોગવાઈ કઈ કલમ હેઠળ કરવામાં આવેલી છે ?

(A) 6 (B) 7

(C) 8 (D) 9

066. એક સાંકેતિક (Code Language) ભાષામાં BEAM ને 5%LK તથા COME ને $7K% તરીકે લખવામાં આવે છે. આ સંજોગોમાં 'BOMB' ને કઈ રીતે લખવામાં આવશે ?

(A) 5%K5 (B) 57K5

(C) $7K$ (D) 5$%5

067. નીચેની સંખ્યાઓ પૈકી કઈ સંખ્યા અન્ય સંખ્યાઓ સાથે સામ્યતા ધરાવતી નથી ?

25, 81, 125, 169, 289

(A) 25 (B) 81

(C) 125 (D) 169

068. એક 360 મીટર લાંબી ટ્રેન 45 કિમી/કલાકની ઝડપે ગતિ કરે છે. તો તેને 140 મીટર લાંબો પુલ પસાર કરતા કેટલો સમય લાગે ?

(A) 30 સેકન્ડ (B) 40 સેકન્ડ

(C) 45 સેકન્ડ (D) 25 સેકન્ડ

069. મહેશ રૂા. 12000 સાદા વ્યાજે મૂકે છે. જો વ્યાજનો દર અને વ્યાજે મૂકેલ વર્ષની સંખ્યા સરખી હોય તથા કુલ વ્યાજ 9720 રૂા. મળે તો આ સંજોગોમાં વ્યાજનો દર કેટલો હશે ?

(A) 8.0% (B) 8.5%

(C) 9.0% (D) 9.5%

070. એક વેપારીએ 200 રૂા. / કિલો કિંમતનું 40 કિલો અને 300 રૂા. / કિલો કિંમતનું 40 કિલો અનાજનું મિશ્રણ કરે છે તથા આ મિશ્રણ રૂા. 275/- કિલોના ભાવે વેચે છે તો તેને કેટલા ટકા નફો / નુકશાન થશે ?

(A) 10% ખોટ થશે. (B) 15% ખોટ થશે.

(C) 10% નફો થશે. (D) 15% નફો થશે.

071. 10 વ્યક્તિઓના એક સમૂહનું સરેરાશ વજન 80 કિલો છે. જો તેમાંથી 72 કિલોના એક વ્યક્તિને દૂર કરી નવી વ્યક્તિ ઉમેરવામાં આવે તો નવા સમૂહનું સરેરાશ વજન 81 કીલો થાય છે, તો નવા વ્યક્તિનું વજન કેટલું હશે ?

(A) 81 કિલો (B) 10 કિલો

(C) 82 કિલો (D) 80 કિલો

072. 1.5 હેક્ટર વિસ્તાર ધરાવતા તળાવમાં 5 સે. મી. વરસાદ પડે છે, આ સંજોગોમાં તળાવમાં કેટલું નવું પાણી આવેલ હશે ?

(A) 75 ઘન મીટર (B) 750 ઘન મીટર

(C) 7500 ઘન મીટર (D) 75000 ઘન મીટર

073. 4 અંક (digits) ધરાવતી, સૌથી મોટી સંખ્યા કઈ છે જેને 15, 25, 40 તથા 75 થી ભાગી શકાય છે ?

(A) 9000 (B) 8400

(C) 9600 (D) 9300

074. 2 સાડી અને 4 શર્ટની કિંમ્મત રૂા. 1600 છે, 1 સાડી અને 6 શર્ટની કિંમ્મત પણ 1600 રૂા. છે, આ સંજોગોમાં 6 શર્ટની કિંમત કેટલી હશે ?

(A) 2400
(B) 1200
(C) 3600
(D) 1500

075. 6 મશીન એક મીનીટમાં 2700 બટન બનાવી શકે છે, જો 10 મશીન ગોઠવવામાં આવે તો 5 મીનીટમાં કેટલા બટન બનાવી શકાય ?

(A) 20500
(B) 21500
(C) 22500
(D) 23500

076. એક વ્યક્તિ એક સ્કુટર 30000 રૂા. માં ખરીદે છે અને તેજ દિવસે રૂા. 36000 માં વેચી નાખે છે. વેચાણના પૈસા તેને બે વર્ષ પછી મળનાર છે અને વ્યાજનો પ્રવર્તમાં દર 5% હોય તો મુળ કિંમ્મત ઉપર કેટલા ટકા નફો થયો હશે ?

(A) 12%
(B) 8%
(C) 6%
(D) 10%

077. 10% નું વ્યાજ ચૂકવતા રૂા. 100ના સ્ટોકની બજાર કિંમત 125 રૂા. છે. જો વ્યાજની આવક 6000 રૂા. હોય તો તે વ્યક્તિનું રોકાણ કેટલું હશે ?

(A) 60,000 રૂા.
(B) 75,000 રૂા.
(C) 6,000 રૂા.
(D) 72,000 રૂા.

078. બે ટ્રેનની ઝડપનો ગુણોત્તર 7:8 છે. બીજી ટ્રેન 400 કીલોમીટર 4 કલાકમાં પ્રવાસ પૂર્ણ કરે છે. આ સંજોગોમાં પ્રથમ ટ્રેનની ઝડપ કેટલી હશે ?

(A) 87.5 km per hour
(B) 75 km per hour
(C) 90 km per hour
(D) 60 km per hour

079. અનુજ, બકુલ કરતા બે વર્ષ મોટો છે બકુલ, કમલ કરતા બમણી ઉંમરનો છે. અનુજ, બકુલ અને કમલની સંયુક્ત ઉંમર 27 વર્ષ છે. આ સંજોગોમાં બકુલની ઉંમર કેટલી હશે ?

(A) 5
(B) 12
(C) 10
(D) 27

080. $\frac{x}{\sqrt{128}} = \frac{\sqrt{162}}{x}$ હોય તો, $x$ નું મૂલ્ય કેટલું હશે ?

(A) 576
(B) 288
(C) 144
(D) 12

081. કલાત્મક રીતે ફુલોની ગોઠવણી કરવાની પદ્ધતી (Decorative art of arrangement of flowers - Ikebana) "આયકેબાના" કયા શરૂ કરવામાં આવેલ હતી ?

(A) કેરળા
(B) મીઝોરામ
(C) જાપાન
(D) અરૂણાચલ પ્રદેશ

082. વૈજ્ઞાનિક સાધનો અને તેના ઉપયોગ અંગેની વિગતો દર્શાવતા જોડકાઓ પૈકી કયુ જોડકુ/જોડકાઓ યોગ્ય છે ?

1. બેરોમીટર – વાહને કાપેલ અંતર દર્શાવતું સાધન
2. હાઈગ્રોમીટર – હવામાં રહેલ ભેજ માપવાનું સાધન
3. લેક્ટોમીટર – દૂધની વિશિષ્ટ ઘનતા માપવા માટેનું સાધન
4. ઑપ્ટોમીટર – દૃષ્ટિ ક્ષમતા માપક

(A) 4, 3 અને 1
(B) 4, 3 અને 2
(C) 4, 1 અને 2
(D) 3, 2 અને 1

083. સને 2018ના વર્ષમાં "એશીયાડ ગેમ્સ" કયા દેશમાં રમાયેલ હતી ?

(A) બાંગ્લાદેશ (B) જાકાર્તા

(C) ભારત (D) ચીન

084. દેશની અગ્રગણ્ય વૈજ્ઞાનિક સંસ્થાઓ અને તેના સ્થાન અંગેના જોડકાઓ પૈકી કયા જોડકા યોગ્ય છે ?

1. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ વાયરોલૉજી – પૂણે

2. ફોરેસ્ટ રીસર્ચ ઈન્સ્ટિટ્યુટ – દહેરાદૂન

3. નેશનલ ફિઝિકલ લેબોરેટરી – દિલ્હી

4. સેન્ટ્રલ લેધર રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ – કાનપુર

(A) 1, 3 અને 4 (B) 1, 2 અને 4

(C) 2, 3 અને 4 (D) 1, 2 અને 3

085. સૂર્ય મંડળના સંદર્ભમાં નીચેના પૈકી કયું વાક્ય યોગ્ય નથી ?

(A) બુધ સૌથી નાનો અને સૂર્યથી નજીકનો ગ્રહ છે.

(B) શુક્ર સૌથી તેજસ્વી અને સૂર્યથી બીજા સ્થાને આવેલ છે.

(C) ગુરૂ ગ્રહ સૌથી મોટો અને સૂર્યથી પાંચમા સ્થાને આવેલ છે.

(D) શનિ ગ્રહ સૌથી છેલ્લો ગ્રહ છે અને પૃથ્વી કરતા તેનું કદ 650 ગણું છે.

086. ભારતના ઉપગ્રહ ઈતિહાસ અને અવકાશ સંશોધન ક્ષેત્રના વિકાસમાં ફાળો આપનાર મહાનુભાવોમાં નીચેના પૈકી, કોનો સમાવેશ થાય છે ?

1. હોમી જહાંગીર ભાભા 2. ડૉ. વિક્રમ સારાભાઈ 3. પ્રોફેસર સતીશધવન 4. પ્રોફેસર પ્રફુલ્લચંદ્ર રૉય

(A) 1, 2 અને 4 (B) 1, 3 અને 4

(C) 1, 2 અને 3 (D) 2, 3 અને 4

087. ભારતનું સૌ "પ્રથમ કાર્બન ફ્રી સ્ટેટ" (First Carbon free State) કયું છે ?

(A) અરૂણાચલ પ્રદેશ (B) સિક્કિમ

(C) હિમાચલ પ્રદેશ (D) કેરલા

088. ક્લાઉડ સીડીંગ (cloud seeding) એટલે ?

(A) વાદળા દેખાય ત્યારે વરસાદ થશે એ ધારણાથી વાવણી કરવી.

(B) ક્લાઉડ કોમ્પ્યુટીંગ (cloud computing)થી ગણતરી ઝડપી કરવી.

(C) કૃત્રિમ રીતે વરસાદ વરસવાની / વધારવાની પદ્ધતિ

(D) ઉચ્ચ કક્ષાના હાયબ્રીડ પાકનું ઉત્પાદન લેવું

089. ઓપ્ટીકલ ફાયબરનો મહત્તમ ઉપયોગ શેમાં થાય છે ?

(A) સોફ્ટવેર (Software) (B) નેટવર્કીંગ (Networking)

(C) હાર્ડવેર (Hardware) (D) ફ્લોપી ડીસ્ક

090. લેસર પ્રિન્ટરની અંદર છાપકામ કરવા માટે પાવડર જેવો પદાર્થ ધરાવતાં યુનિટને કયા નામથી ઓળખવામાં આવે છે ?

(A) હેમર (B) ટોનર

(C) પ્રિન્ટહેડ (D) ઈન્કજેટ

091. ભારતના રમતવીરો અને તેમની રમતની જોડીઓ દર્શાવતા જોડકાઓ પૈકી કયા જોડકા યોગ્ય છે ?
1. બૉક્સીંગ – મેરી કૉમ
2. જીમ્નાસ્ટ – દિપા કરમાકર
3. ડિસ્ક થ્રોઅર – દિપિકા કુમારી
4. ભાલા ફેંક – નિરજ ચોપડા
(A) 2, 3 અને 4
(B) 1, 2 અને 3
(C) 1, 3 અને 4
(D) 1, 2 અને 4

092. સ્ટેડિયમ અને સબંધીત શહેરના જોડકાઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?
(A) વાનખેડે સ્ટેડિયમ – મુંબઈ
(B) નેતાજી ઈન્ડોર સ્ટેડિયમ – કોલકત્તા
(C) ગ્રીન પાર્ક સ્ટેડિયમ – નાગપુર
(D) ધ્યાનચંદ સ્ટેડિયમ – લખનઉ

093. ભારતની માર્શલ આર્ટ (Martial Art of India) ની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?
(A) કલારીપટ્ટુ Kalaripayattu – કેરલા
(B) થાગ થે Thang Ta – મણીપુર
(C) સીલમ બમ Silambam – છત્તીસગઢ
(D) ગટકા Gatka – પંજાબ

094. લદાખ (Ladakh) વિસ્તારમાં રહેતા લોકો માટે આબોહવા માટેના નીચેના વિધાનો પૈકી કયા વિધાન / વિધાનો યોગ્ય છે ?
1. તેઓને સખત ઠંડા પવનોનો સામનો કરવો પડે છે.
2. હવા પાતળી હોવાને કારણે સૂર્યનો તડકો પણ વધારે સખત (intense) લાગે છે.
3. ઉનાળામાં અહીંયાનું વાતાવરણ ખશનુમા રહે છે.
(A) 1 અને 3 વાક્યો યોગ્ય છે.
(B) 2 અને 3 વાક્યો યોગ્ય છે.
(C) 1 અને 2 વાક્યો યોગ્ય છે.
(D) 1, 2 અને 3 વાક્યો યોગ્ય છે.

095. ભારતમાં "પ્રથમ ટાપુ વાળો જિલ્લો" કયા રાજ્યમાં આવેલો છે ?
(A) આસામ
(B) મણીપુર
(C) અરૂણાચલ પ્રદેશ
(D) બિહાર

096. બીજી યંગ સુપ્રીટેન્ડન્ટ ઑફ પોલીસ (2nd Young Superintendent of Police) દિલ્હી ખાતે હાલમાં ક્યારે મળી હતી ?
(A) 25 જુલાઈ, 2018
(B) 26 જુલાઈ, 2018
(C) 27 જુલાઈ, 2018
(D) 28 જુલાઈ, 2018

097. દર વર્ષે "હીપેટાઈટિસ ડે" "Hepatitis Day" ક્યારે ઉજવાય છે ?
(A) જૂન 28
(B) જુલાઈ 28
(C) મે 28
(D) એપ્રિલ 28

098. અટલ ઈનોવેશન મિશન (Atal Innovation Mission - AIM) અંગે નીચેના પૈકી કયું વાક્ય યોગ્ય નથી ?
(A) આ મિશન નીતિ આયોગ દ્વારા શરૂ કરવામાં આવેલ છે.
(B) અર્થતંત્રમાં નવા સુધારાઓ, ફેરફાર અને નવીનતા લાવવી.
(C) આ મીશનમાં અટલ થીંકીંક લૅબ (ATLS) અને અટલ ઈન્ક્યુબીશન સેન્ટરના સ્થાપનાની યોજના છે.
(D) આ મિશનમાં લોન સહાયની જોગવાઈ છે.

099. નીચેના પૈકી કયા રાજ્યએ "કન્યા વન સમૃદ્ધિ યોજના" શરૂ કરેલ છે ?
(A) મહારાષ્ટ્ર
(B) ઝારખંડ
(C) ગુજરાત
(D) કેરલા

100. ભારતનો સૌપ્રથમ ખાદી મૉલ (Khadi Mall) કયા રાજ્યમાં સ્થાપવામાં આવનાર છે ?
(A) ગુજરાત
(B) મહારાષ્ટ્ર
(C) ઝારખંડ
(D) બિહાર

101. 40 કિલો કેલરી ઉર્જા મેળવવા માટે .......... ગ્રામ કાર્બોદિત પદાર્થ ખાવાની જરૂર પડે છે.

(A) 10 (B) 40

(C) 60 (D) 90

102. આપણા શરીરને રોગ પ્રતિકારક શક્તિ નીચેના પૈકી કયું આહાર જુથ પુરુ પાડે છે ?

(A) ફળો અને શાકભાજી (B) ખાંડ અને ગોળ

(C) ધાન્ય (D) કઠોળ

103. નીચેના પૈકી કયો ખાદ્યપદાર્થ સૌથી ઝડપથી બગડી જાય છે ?

(A) મધ (B) દૂધ

(C) ફળ (D) ધાન્ય

104. તડબુચનો લાલ રંગ કયા પીગમેન્ટનાં કારણે હોય છે ?

(A) આલ્ફા કેરોટીન (B) બીસીન

(C) લાયકોપીન (D) એન્થોસાયમીન

105. નીચેના પૈકી કયુ કાર્ય વિટામીન એ નું નથી ?

(A) ઝાંખા પ્રકાશમાં જોવા માટે (B) ચામડીની તંદુરસ્તી માટે

(C) રૂધિર ગંઠાઈ જવું (D) હાડકાના વિકાસ માટે

106. નીચેનામાંથી કયા ખાદ્ય પદાર્થમાંથી મળતું લોહતત્ત્વનું શોષણ સૌથી વધુ થાય છે ?

(A) કઠોળ (B) માંસ

(C) લીલા શાકભાજી (D) ધાન્ય

107. .......... એ વિટામીન એ નું પુર્વગામી સ્વરૂપ છે.

(A) લાયકોપીન (B) લ્યુટીન

(C) લીસીન (D) બીટા કેરોટીન

108. નીચેના પૈકી કયા ખાદ્ય પદાર્થમાં પ્રોટીનનું પ્રમાણ સૌથી વધારે હોય છે ?

(A) સોયાબીન (B) કેળાં

(C) ઘઉં (D) બટાકા

109. વનસ્પતિ ઘી (ડાલ્ડા)માં .......... ફેટી એસિડનું પ્રમાણ વધારે હોય છે.

(A) અસંતૃપ્ત (B) ઓમેગા - 3

(C) સંતૃપ્ત (D) ઓમેગા - 6

110. નીચે પૈકી કયુ ફેટી એસિડ આવશ્યક ફેટી એસિડ તરીકે ઓળખાય છે ?

(A) પાલ્મીટીક (B) લીનોલીક

(C) ઓલીક (D) સ્ટીઅરીક

111. એક ખાદ્યપદાર્થમાં 15 ગ્રામ પ્રોટીન છે, તો તેમાંથી અંદાજીત કેટલા કિલો કેલરી ઉર્જા મળશે ?

(A) 60 (B) 135

(C) 105 (D) ઉપરમાંથી કોઈ નહીં

112. ધાન્યમાં કયો આવશ્યક એમીનો એસીડ ઓછા પ્રમાણમાં હોય છે ?

(A) લ્યુસીન (B) વેલીન

(C) લાયસીન (D) મીથીઓનીન

113. ટ્રીપસીન ઈન્હીબીટરનું સૌથી વધુ પ્રમાણ ..........માં હોય છે.

(A) દૂધ (B) ચોખા

(C) સોયાબીન (D) મગ

114. નીચેના પૈકી કયું લીવનીંગ એજન્ટ કેક બનાવવા માટે વપરાય છે ?

(A) બેકીંગ પાવડર
(B) યીસ્ટ
(C) સોડીયમ બાયકાર્બોનેટ
(D) એમોનીયા

115. ઈંડાની સફેદીમાં રહેલ એન્ટીન્યુટ્રીશનલ ફેકટર .......... છે.

(A) એવીડીન
(B) ફાયટેટ
(C) ટ્રીપ્સીન
(D) પેપીન

116. 16 ઓક્ટોબરના રોજ દર વર્ષે કયા દિવસની ઉજાણી કરવામાં આવે છે ?

(A) વિશ્વ વસતી દિવસ
(B) વિશ્વ અન્ન દિવસ
(C) વિશ્વ થેલેસેમીયા ડે
(D) ઉપરમાંથી કોઈ નહીં

117. AIDSનું પુરુ નામ ?

(A) એકવાર્યડ ઈમ્યુનો ડેફીશ્યન્સી સીન્ડ્રોમ
(B) ઓલ ઈન્ડીયા ડીસીઝ સીમ્પટમ
(C) એકવાર્યડ ઈમ્યુનો ડીઝીઝ સીન્ડ્રોમ
(D) ઓલ ઈમ્યુનીટી ડીસીઝ સાયન્સ

118. નીચેના પૈકી કઈ જોડ સાચી છે ?

| | |
|---|---|
| 1. સોયાબીન | (a) સૌથી વધુ ગુણવત્તાવાળું પ્રોટીન |
| 2. ઈંડુ | (b) ધાન્ય જુથમાં સૌથી ઓછું પ્રોટીન |
| 3. મકાઈ | (c) સૌથી ઓછી ગુણવત્તાવાળું પ્રોટીન |
| 4. ચોખા | (d) સૌથી સસ્તુ પ્રોટીન |

(A) 1 - b, 2 - a, 3 - c, 4 - d
(B) 1 - d, 2 - a, 3 - c, 4 - b
(C) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(D) 1 - d, 2 - c, 3 - b, 4 - a

119. નીચે પૈકી કયા ખાદ્ય પદાર્થમાં ડાયેટરી ફાઈબર (રેષા) સૌથી વધારે પ્રમાણમાં છે ?

(A) સોયાબીન
(B) ઘઉં
(C) ઓટ
(D) ઈસબગુલ

120. નીચેના પૈકી પ્રોટીન માટે કયુ વિધાન ખોટું છે ?

(A) પ્રોટીન એમીનો એસિડમાંથી બનેલા હોય છે.
(B) તેની ઉણપથી સુકતાનનો રોગ થાય છે.
(C) શરીરના બધાજ ઉત્સેચકો પ્રોટીનના હોય છે.
(D) તે શરીરને બંધારણ પુરું પાડવાનું કાર્ય કરે છે.

121. નીચેનામાંથી કયુ વિધાન ચરબી માટે ખોટું છે ?

(A) ચરબી ફેટી એસિડમાંથી બને છે.
(B) 1 ગ્રામ ચરબી 9 કિલો કેલરી આપે છે.
(C) તે ટ્રાન્સફેટી એસીડ પણ આપે છે.
(D) તેના પાચન માટે જઠર રસ જરૂરી છે.

122. સર્ગભાવસ્થા દરમ્યાન માતાના શરીરમાં ફોલીક એસીડની ઉણપ હોય તો શીશુના શરીરમાં નીચે પૈકી .......... થવાની શક્યતા છે.

(A) ન્યુરલ ટ્યુબ ડીફેક્ટ
(B) પ્રોટીનની ખામી
(C) કોલૅસ્ટ્રોલનું પ્રમાણ વધવું
(D) ચરબીનું પ્રમાણ વધવું

123. ધાત્રી માતામાં દૂધના ઉત્પાદન માટે કયા અંતઃસ્રાવ (હોરમોન) જવાબદાર છે ?

(A) પ્રોલેક્ટીન અને ગ્લુકાગોન
(B) ગ્લુકાગોન અને ઓક્સીટોસીન
(C) ગ્રોથ હોરમોન અને પ્રોલેક્ટીન
(D) ઓક્સીટોસીન અને પ્રોલેક્ટીન

124. ધાત્રી માતામાં દૂધ ઉત્પાદન ન થવા માટે નીચેના પૈકી કયુ કારણ જવાબદાર નથી ?

(A) માતાનું કુપોષણ
(B) શરીરનું વધુ વજન
(C) તનાવ, ચિંતા
(D) ઓછો આત્મવિશ્વાસ

125. સંકલિત બાળ વિકાસ યોજનાનું અમલીકરણ સરકારશ્રીના કયા વિભાગ દ્વારા કરવામાં આવે છે ?

(A) મહિલા અને બાળ વિકાસ
(B) આરોગ્ય અને પરીવાર કલ્યાણ
(C) પંચાયતી રાજ
(D) ઉપરમાંથી કોઈ નહીં

126. કેન્દ્ર હસ્તકના ડિપાર્ટમેન્ટ ઓફ વીમેન એન્ડ ચાઈલ્ડ ડેવલપમેન્ટના અત્યારના કેન્દ્રીય મંત્રી નીચે પૈકી કોણ છે ?

(A) રેણુકા ચૌધરી
(B) સુષ્મા સ્વરાજ
(C) મેનકા ગાંધી
(D) નિર્મલા સીતારામન

127. 'સહી પોષણ દેશ રોશન' સૂત્ર નીચે પૈકી કયા અભિયાન સાથે સંકળાયેલું છે ?

(A) રાષ્ટ્રીય પોષણ અભિયાન
(B) સ્વચ્છ ભારત અભિયાન
(C) સ્ટાર્ટ અપ અભિયાન
(D) ઉપરમાંથી કોઈ નહીં

128. પ્રધાનમંત્રી માતૃત્વ વંદના યોજના (PMMVY) હેઠળ ગર્ભવતી માતાને મળતી નાણાકીય સહાય કેટલા હપ્તામાં ચૂકવવામાં આવે છે ?

(A) 3
(B) 4
(C) 2
(D) 5

129. 'માતૃ શક્તિ રાષ્ટ્રશક્તિ' સૂત્ર કઈ યોજના સાથે સુસંગત છે ?

(A) પ્રધાનમંત્રી માતૃત્વ વંદના યોજના
(B) સબલા યોજના
(C) 'મા' યોજના
(D) ઉપરમાંથી કોઈ નહીં

130. પ્રધાનમંત્રી માતૃત્વ વંદના યોજનાના નીચે પૈકી કોણ લાભાર્થી છે ?

(A) સગર્ભા સ્ત્રી
(B) કિશોરી
(C) પ્રજનન વય જૂથની મહિલા
(D) ઉપરમાંથી કોઈ નહીં

131. પ્રધાનમંત્રી માતૃત્વ વંદના યોજના (PMMVY)માં મળતી નાણાંકીય સહાયનો પ્રથમ હપ્તો ક્યારે ચૂકવાય છે ?

(A) પ્રસૂતિ થયા પછી
(B) સગર્ભાવસ્થાની નોંધણી વહેલી (12 અઠવાડિયા પહેલા) કરાવે ત્યારે
(C) ગર્ભાવસ્થાના સાત મહિના પૂર્ણ થાય ત્યારે
(D) ઉપરમાંથી કોઈ જ નહીં

132. નીચે પૈકી કઈ આઈ.એફ.એ. (IFA) ગોળીની આડ અસર નથી ?

(A) કબજીયાત
(B) વધુ ભૂખ લાગવી
(C) ઝાડા
(D) કાળા રંગનો મળ

133. પોષણ અભિયાન અંતર્ગત હાલમાં કયા વર્ષ સુધી કુપોષણમુક્ત દેશ બનાવવાની યોજના છે ?

(A) 2020
(B) 2022
(C) 2025
(D) 2030

134. ICDS યોજનાના લાભાર્થીઓના પોષણ સ્તર ઊંચુ લાવવા માટે નીચેના પૈકી કઈ યોજનાનો હેતુ છે ?

(A) JPC
(B) NWCD
(C) ICT - RTM
(D) NHRM

135. સગર્ભા માતાને નીચેના પૈકી કયા પ્રકારની રસી આપવામાં આવે છે ?

(A) ટીટી (ધર્નુવા)
(B) ઓપીવી
(C) એમ આર
(D) બી સી જી

136. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) પ્રમાણે .......... વર્ષ દરમ્યાનનો ગાળો કિશોરાવસ્થા તરીકે ઓળખાય છે.

(A) 11 થી 13 વર્ષ
(B) 10 થી 19 વર્ષ
(C) 12 થી 15 વર્ષ
(D) 9 થી 12 વર્ષ

137. આઈ. સી. ડી. એસ. (ICDS) માં બાળકોની તંદુરસ્તીના માપન તરીકે નીચે પૈકી કયુ વપરાય છે ?

(A) ગ્રોથ ચાર્ટ (B) ગ્રોથ પેટર્ન

(C) ગ્રોથ ટેપ (D) ગ્રોથ બેલેન્સ

138. 'બાલ અમૃતમ' થેરાપ્યુટીક ફૂડ કઈ સંસ્થા દ્વારા બનાવવામાં આવે છે ?

(A) NIN (B) CFTRI

(C) અમુલ (D) FAO

139. બાળકોમાં (NUAC) બાવડાનું માપ .......... કરતા ઓછું હોય તેવી પરિસ્થિતિ SAM (અતિકુપોષણ) તરીકે ઓળખવામાં આવે છે ?

(A) 11.5 સે.મી. (B) 12.5 સે.મી.

(C) 15 સે.મી. (D) 10 સે.મી.

140. સ્ટન્ટીંગ (Stunting) એટલે ?

(A) ઉંમર પ્રમાણે ઓછી ઊંચાઈ (B) ઉંમર પ્રમાણે ઓછુ વજન

(C) બી એમ આઈ 18.5 થી ઓછું (D) ઉંચાઈ પ્રમાણે ઓછું વજન

141. ક્ષય (ટીબી) રોગ અંગે જનજાગૃતિ માટે ઉજવાતો દિવસ નીચેના પૈકી કયો છે ?

(A) 24 માર્ચ (B) 25 એપ્રિલ

(C) 7 એપ્રિલ (D) ઉપર પૈકી કોઈ નહીં

142. બોડી માસ ઈન્ડેક્ષ (BMI) એ ......... નો ગુણોત્તર છે.

(A) શરીરનું વજન (પાઉન્ડ) અને ઊંચાઈ $(M)^2$ (B) શરીરનું વજન (કિ. ગ્રા.) અને ઊંચાઈ $(\text{સે.મી.})^2$

(C) શરીરનું વજન (પાઉન્ડ) અને ઊંચાઈ $(\text{સે.મી.})^2$ (D) શરીરનું વજન (કિ. ગ્રા.) અને ઊંચાઈ $(M)^2$

143. આયોડીનની જરૂરિયાત નીચે પૈકી કયા કાર્ય માટે હોય છે ?

(A) યકૃતરસના બંધારણ માટે (B) પિત્તરસના બંધારણ માટે

(C) લાળરસના બંધારણ માટે (D) થાઈરોક્ષીન (થાઈરોઈડ હોરમોન)ના બંધારણ માટે

144. નીચેનામાંથી કયુ પરીબળ લોહતત્ત્વનું શોષણ (absorption) ઓછું કરે છે ?

(A) સોયાબીન પ્રોટીન (B) ટેનીન વધુ હોય તેવો આહાર

(C) ઓછા પ્રોટીનવાળો આહાર (D) ઉપરના બધાજ

145. નીચેના પૈકી કઈ જોડ સાચી છે ?

| | |
|---|---|
| 1. CFTRI | (a) હૈદરાબાદ |
| 2. NIN | (b) આણંદ |
| 3. AMUL | (c) સોનેપત (હરીયાણા) |
| 4. NIFTEM | (d) મૈસુર |

(A) 1 - a, 2 - c, 3 - d, 4 - b (B) 1 - b, 2 - b, 3 - a, 4 - a

(C) 1 - d, 2 - a, 3 - b, 4 - c (D) 1 - c, 2 - d, 3 - c, 4 - d

146. નીચે પૈકી કઈ શર્કરાના કારણે ફળનો સ્વાદ મીઠો લાગે છે ?

(A) સ્ટાર્ચ (B) લેક્ટોઝ

(C) માલ્ટોઝ (D) ફ્રુક્ટોઝ

147. કુટુંબના આહાર આયોજનમાં નીચેના પૈકી કયા મુદ્દા મહત્ત્વના છે ?

(A) કુટુંબની આર્થિક સ્થિતિ (B) કુટુંબના સભ્યોનો આહાર પ્રત્યે ગમો-અણગમો

(C) કુટુંબના સભ્યોની ઉંમર (D) ઉપરના બધાજ

148. નીચે પૈકી કયુ લક્ષણ વિટામીન એ ની ખામી સાથે સંકળાયેલું છે ?

(A) સુકતાન
(B) રતાંધળાપણું
(C) હોઠ ફાટી જવા
(D) હાડકા નબળા થઈ જવા

149. એક્ઝકલ્યુસીવ બ્રેસ્ટ ફીડીંગ (EBF) એટલે ?

(A) છ મહિના સુધી ફક્ત માતાનું ધાવણ
(B) ચાર મહિના સુધી ફક્ત માતાનું ધાવણ
(C) 2 વર્ષ સુધી માતાનું ધાવણ
(D) ઉપરમાંથી કોઈ નહીં

150. પી.સી.પી.એન.ડી.ટી. (PCPNDT) નીચે પૈકી કયા સાથે સુષંગત છે ?

(A) ભ્રુણ હત્યા
(B) માતા મૃત્યુ દર
(C) બાળ મૃત્યુ દર
(D) ઉપર પૈકી કોઈ નહી

151. યોગ્ય જોડકા જોડો.

| | |
|---|---|
| 1. બ્લાન્ચીંગ | (a) દૂધમાં રહેલ જીવાણુંનો નાશ કરે છે. |
| 2. સ્ટરીલાઈઝેશન | (b) ખાંડના ઉત્પાદનની રીત |
| 3. પાસ્ચ્યુરાઈઝેશન | (c) દૂધના બધાજ જીવાણુંનો નાશ |
| 4. ક્રીસ્ટલાઈઝેશન | (d) ફળ અને શાકભાજીના પરીક્ષણ માટેની રીત |

(A) 1 - a, 2 - b, 3 - d, 4 - c
(B) 1 - c, 2 - d, 3 - b, 4 - a
(C) 1 - b, 2 - a, 3 - c, 4 - d
(D) 1 - d, 2 - c, 3 - a, 4 - b

152. ખાદ્ય પદાર્થ અને ભેળસેળ માટેના પદાર્થોની સાચી જોડ દર્શાવો.

| | |
|---|---|
| 1. દૂધ | (a) લાકડાનો વ્હેર |
| 2. માવો | (b) બાફેલા બટાકાનો ભુકો |
| 3. ઘી | (c) પાણી |
| 4. લાલ મરચું | (d) સ્ટાર્ચ પાવડર |

(A) 1 - c, 2 - d, 3 - b, 4 - a
(B) 1 - a, 2 - b, 3 - d, 4 - c
(C) 1 - b, 2 - a, 3 - c, 4 - d
(D) 1 - d, 2 - c, 3 - a, 4 - b

153. 'નેશનલ ફૂડ સીક્યોરીટી એક્ટ' આપણા દેશમાં કયા વર્ષથી અમલમાં છે ?

(A) 2011
(B) 2013
(C) 2009
(D) 2015

154. નીચેના પૈકી કયા રોગો પાણી જન્ય નથી ?

(A) પાંડુરોગ
(B) કોલેરા
(C) મરડો
(D) ટાઈફોઈડ

155. નીચેના પૈકી કયા પોષકતત્ત્વો શીશુના ઉપરી આહારમાં અતિ મહત્ત્વના છે ?

(A) પ્રોટીન અને શક્તિ
(B) પ્રોટીન અને પાણી
(C) શક્તિ અને પાણી
(D) ચરબી અને કાર્બોહાઈડ્રેટ

156. નીચેના પૈકી કઈ સેવા આઈ.સી.ડી.એસ. ના કાર્યક્ષેત્રમાં નથી ?

(A) રસીકરણ
(B) ન્યુટ્રીશન અને હેલ્થ એજ્યુકેશન
(C) શાળાનું શિક્ષણ
(D) સપ્લીમેન્ટરી ન્યુટ્રીશન

157. માતાના પ્રથમ દૂધ કોલસ્ટ્રમમાં .......... વધારે હોય છે.

(A) કાર્બોહાઈડ્રેટ
(B) લોહતત્ત્વ
(C) પાણી
(D) રોગપ્રતિકારક શક્તિ

158. આઠ માસના બાળકને ઝાડા થયા હોય ત્યારે નીચેના પૈકી કઈ ચીજ આપવી અત્યંત જરૂરી છે ?

(A) માતાનું દૂધ
(B) ખાંડ અને મીઠાનું દ્રાવણ
(C) ચોખાના લોટ અને દૂધની રાબ
(D) ઉપરના બધાજ

159. નીચેના પૈકી કઈ યોજના કિશોરીઓ માટેની છે ?

(A) મા જશોદા યોજના
(B) સબલા યોજના
(C) સંજીવની યોજના
(D) સક્ષમ યોજના

160. KVK નું પુરું નામ ?

(A) કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
(B) કૃષિ વૈભવ કેન્દ્ર
(C) કસ્તુરબા વિકાસ કાર્યક્રમ
(D) ઉપરમાંથી કોઈ નહીં

161. KVK ના લાભાર્થી નીચે પૈકી કોણ છે ?

(A) ખેડૂત ભાઈઓ અને બહેનો
(B) સર્ગભા માતા
(C) કુશળ કારીગરો
(D) અર્ધકુશળ કારીગરો

162. આહારમાં વિવિધતા એટલે શું ?

(A) ખોરાકના બધાજ જૂથોનો આહારમાં સમાવેશ
(B) ખોરાકના ફક્ત ત્રણ જૂથનો આહારમાં સમાવેશ
(C) ખોરાકના ફક્ત બે જૂથનો આહારમાં સમાવેશ
(D) ઉપરમાંથી કોઈ નહીં

163. વિટામીન સી ની ઉણપથી કયો રોગ થાય છે ?

(A) સ્કર્વી
(B) સુકતાન
(C) બેરીબેરી
(D) પાંડુરોગ

164. બાળકને ઝાડા થાય ત્યારે ઓ.આર.એસ. (ખાંડ મીઠાનું પાણી) સાથે કઈ ગોળી આપવામાં આવે છે ?

(A) ઝીંક
(B) કૃમિ નાશક
(C) આઈ.એફ.એ.
(D) કેલ્શિયમ

165. આઈ.સી.ડી.એસ. માં મમતા દિવસના લાભાર્થી નીચે પૈકી કોણ નથી ?

(A) સર્ગભા
(B) ધાત્રી
(C) કિશોરીઓ
(D) વૃદ્ધાવસ્થાના ભાઈ / બહેન

166. ડબલ ફોર્ટીફાઈડ મીઠામાં કયા બે ખનીજ દ્રવ્યો હોય છે ?

(A) લોહતત્ત્વ અને મેગ્નેશિયમ
(B) આયોડિન અને કેલ્શિયમ
(C) આયોડિન અને લોહતત્ત્વ
(D) લોહતત્ત્વ અને ઝીંક

167. 'ડોટ્સ' સારવાર કયા રોગ માટે કરવામાં આવે છે ?

(A) ટી.બી. (ક્ષયરોગ)
(B) પાંડુરોગ
(C) મેલેરીયા
(D) ડાયેરીયા

168. નેશનલ આયોડીન ડેફીશ્યન્સી ડીસીઝ કન્ટ્રોલ પ્રોગ્રામ કયા રોગના નિવારણ માટે કાર્યરત છે ?

(A) ગોઈટર
(B) પાંડુરોગ
(C) મેલેરીયા
(D) ઉપરમાંથી કોઈ નહીં

169. નેશનલ આર્યન પ્લસ ઈનીશ્યેટીવ કયા રોગના નિવારણ માટે કાર્યરત છે ?

(A) પાંડુરોગ
(B) મેલેરીયા
(C) ડાયેરીયા
(D) રતાંધળાપણું

170. નીચેના પૈકી કયા દિવસે 'નેશનલ ન્યુટ્રીશન મીશન' માનનીય વડાપ્રધાન દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું ?
(A) ફાધર્સ ડે
(B) વિશ્વ વસતી દિવસ
(C) આંતરરાષ્ટ્રિય યોગ દિવસ
(D) આંતરરાષ્ટ્રિય મહિલા દિવસ

171. 'બેટી બચાવો બેટી પઢાવો' યોજના કયા વર્ષથી અમલમાં આવી ?
(A) વર્ષ 2015
(B) વર્ષ 2018
(C) વર્ષ 2000
(D) ઉપરમાંથી કોઈ નહીં

172. નીચેના પૈકી કયુ ખનિજ તત્ત્વ નથી ?
(A) એમિનો એસિડ
(B) કેલ્શીયમ
(C) સોડીયમ
(D) લોહતત્ત્વ

173. નીચે જણાવેલ પોષકતત્ત્વોમાંથી એમિનો એસિડ કયા પોષકતત્ત્વનું બંધારણીય ઘટક છે ?
(A) પ્રોટીન
(B) ચરબી
(C) અસંતૃપ્ત ચરબી
(D) વિટામીન

174. નીચેના પૈકી કયુ કારણ પાંડુરોગના કારણો સાથે સુસંગત નથી ?
(A) મેલેરિયા
(B) લોહતત્ત્વની ઉણપ
(C) વધુ પ્રમાણમાં લોહી વહી જવુ
(D) સ્ટાર્ચની ઉણપ

175. સ્થુળતા / મેદસ્વીતા એટલે ?
(A) ઉર્જાનું સેવન ઓછુ અને વપરાશ વધારે
(B) ઉર્જાનો વપરાશ ઓછો અને સેવન વધારે
(C) ઉર્જાનું સેવન અને વપરાશ સરખે સરખા
(D) ઉપરમાંથી કોઈ નહીં

176. વિટામીન એ શેમાં દ્રાવ્ય છે ?
(A) ચરબી
(B) પાણી
(C) બન્ને (A) અને (B) માં
(D) ઉપરમાંથી કોઈ નહીં

177. ફૂડ પીરામીડ પ્રમાણે ચરબી, મીઠુ (નમક) અને ખાંડ
(A) જેટલા ખાવા હોય તેટલા ખાઈ શકાય
(B) ઓછામાં ઓછા પ્રમાણમાં ખાવા જોઈએ
(C) ફક્ત ડાયાબીટીસના દર્દીએ ન ખાવા જોઈએ
(D) ક્યારેક જ ખાવા જોઈએ

178. મધ્યાહ્ન ભોજન યોજનાના લાભાર્થી નીચેના પૈકી કોણ છે ?
(A) સરકારી પ્રાથમિક શાળામાં ભણતા બાળકો
(B) શાળાએ ન જતા કિશોર / કિશોરી
(C) સર્ગભા માતાઓ
(D) ઉપરમાંથી કોઈ નહીં

179. છ વર્ષથી નીચેના બાળકોમાં ઉંમર પ્રમાણે ઓછુ વજન હોય તો નીચેના પૈકી શું કહેવાય ?
(A) વેસ્ટીંગ
(B) અંડરવેટ (ઓછું વજન)
(C) સ્ટંટીંગ
(D) ઈડીમા

180. આયોડીન યુક્ત મીઠામાં ઉત્પાદન સમયે કેટલુ આયોડિન હોવું જોઈએ ?
(A) 30 PPM
(B) 15 PPM
(C) 50 PPM
(D) 10 PPM

181. નીચેના પૈકી કયો ખાદ્ય પદાર્થ વિટામીન - સી નો સારો સ્ત્રોત નથી ?
(A) આમળા
(B) જામફળ
(C) સરગવાના પાન
(D) સીંગ દાણા

182. IMR નું પુરું નામ ?
(A) ઈન્ફન્ટ મોરટાલીટી રેટ
(B) ઈન્ફન્ટ મોરબીડીટી રેટ
(C) ઈન્ડીયન મધર્સ રેટ
(D) ઉપરમાંથી કોઈ નહીં

183. નીચેના પૈકી કયો ખાદ્ય પદાર્થ મીલેટ (Millet) એટલે કે બરછટ ધાન્ય માં સામેલ છે ?
(A) બાજરી
(B) રાગી - નાગલી
(C) જુવાર
(D) ઉપરોક્ત બધાજ

184. 1 વર્ષથી નાના બાળકને વિટામીન એ (Vitamin - A) નો પહેલો પ્રોફાઈલેક્ટીક ડોઝ ક્યારે આપવાનું નક્કી કરેલ છે ?
(A) 9 મહિને
(B) 6 મહિને
(C) જન્મ પછી તરત જ
(D) 11 મહિને

185. 1 થી 5 વર્ષના બાળકને વિટામીન એ નો પ્રોફાઈલેક્ટીક ડોઝ કેટલો આપવાનો હોય છે ?
(A) 2,00,000 I.U. વર્ષમાં એક વખત
(B) 1,00,000 I.U. દર 6 મહિને
(C) 2,00,000 I.U. દર 6 મહિને
(D) ઉપરમાંથી કોઈ નહીં

186. નીચેના પૈકી કયા ખાદ્ય પદાર્થને સંપૂર્ણ પ્રોટીન કહેવાય છે ?
(A) દૂધ
(B) ઈંડા
(C) માંસ
(D) સોયાબીન

187. નીચેનામાંથી કઈ જોડી સાચી નથી ?
1. સોયાબીન – પ્રોટીન
2. અખરોટ – ઓમેગા 3, ફેટી એસિડ
3. અમળા – પ્રોટીન
4. નારંગી – વિટામીન સી
(A) 1
(B) 2
(C) 3
(D) 4

188. ગુજરાતમાં પ્રારંભિક તબક્કામાં સબલા સ્કીમ કેટલા જિલ્લાઓમાં અમલમાં મૂકવામાં આવી હતી ?
(A) 9
(B) 15
(C) 20
(D) ઉપરમાંથી કોઈ નહીં

189. SDG નું પુરું નામ ?
(A) સસ્ટેનેબેલ ડેવલપમેન્ટ ગોલ્સ
(B) સ્યુટેબલ ડીસીઝ ગોલ્સ
(C) સ્કીમ ફોર ડેવલપમેન્ટ ગોલ્સ
(D) ઉપરમાંથી કોઈ નહીં

190. SDG – સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સની કુલ કેટલી સંખ્યા નિર્ધારીત કરેલ છે ?
(A) 17
(B) 8
(C) 5
(D) 10

191. સમુદાયમાં પાંડુરોગની સ્થિતિ જાણવા માટે કયો ટેસ્ટ કરવામાં આવે છે ?
(A) બ્લડ સુગર
(B) હિમોગ્લોબીન
(C) સીરમ ફેરીટીન
(D) કોલસ્ટ્રોલ

192. વિશ્વ એઈડ્સ દિવસ દર વર્ષે ક્યારે ઉજવાય છે ?
(A) ડિસેમ્બર 1
(B) નવેમ્બર 14
(C) ડિસેમ્બર 25
(D) ઓક્ટોબર 1

193. IYCF એટલે ?
(A) ઈન્ફન્ટ એન્ડ યંગ ચાઈલ્ડ ફીડીંગ
(B) ઈન્ટરનેશનલ યુથ એન્ડ ચાઈલ્ડ ફેડરેશન
(C) ઈનોવેટીવ યંગ ચાઈલ્ડ ફીડીંગ
(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

194. બાળ સંભાળ સેવાઓના ઘટકો કયા છે ?
(A) સ્વાસ્થ્ય
(B) પોષણ
(C) શિક્ષણ
(D) ઉપરોક્ત બધાજ

195. આંગણવાડીમાં 3 થી 6 વર્ષના બાળકોમાં ભાષાકીય વિકાસ માટે કઈ પ્રવૃત્તિ સૌથી મહત્વની છે ?
(A) રમત ગમત
(B) ચિત્રકામ
(C) અભિનય ગીત
(D) બાળકને વાતચીત કરવા પ્રોત્સાહન આપવું

196. બાળકોમાં અહં-કેન્દ્રિત વિચારશક્તિનું તાત્પર્ય
(A) બીજાના ભાવો ને સમજવા અને એને અનુકુળ ક્રિયા બનાવવી
(B) વસ્તુઓને પૂર્ણતઃ પોતાના દૃષ્ટિકોણ અને પોતાની મનોવૃત્તિના સંદર્ભે જ જોવી
(C) બીજાના ભાવોને જ સમજવા
(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

197. ખોરાકમાં રહેલ રેષા
(A) બ્લડ સુગર ઘટાડવામાં મદદ કરે છે.
(B) હીમોગ્લોબીન વધારે છે.
(C) આયોડિન લેવલ વધારે છે.
(D) ઉપરમાંથી કોઈ નહીં

198. ડાયાબીટીસ રોગના નિયંત્રણ માટે નીચેના પૈકી શું મહત્વનું છે ?
(A) કસરત
(B) દવાઓ
(C) ખોરાક
(D) ઉપરના બધાજ

199. નીચે પૈકીના કયા લક્ષણો વિટામીન $B_2$ રાઈબોફ્લેવીનની ખામીને લીધે થાય છે ?
(A) ચીબોસીસ – હોઠ પર કલા
(B) ગ્લોસાઈટીસ – જીભ લાલ થવી
(C) એન્ગ્યુલર સ્ટોમેટાઈટીઝ – બંને હોઠના ખુણાપર
(D) ઉપરોક્ત બધાજ

200. કુપોષણના વિષચક્રમાં નીચેના પૈકી કયા પરિબળો ભાગ ભજવે છે ?
(A) ચેપ
(B) સંતુલિત ખોરાકનો આભાવ
(C) ગરીબી
(D) ઉપરના બધાજ

201. ઘરેલુ હિંસા અધિનિયમ ક્યારે અસ્તિત્વમાં આવ્યો ?
(A) 2005
(B) 2017
(C) 2010
(D) 1990

202. તબીબી રીતે સર્ગભાવસ્થાના નિવારણ અંગેના કાયદાને નીચેના પૈકી શું કહેવાય છે ?
(A) MTP એક્ટ
(B) PCPNDT એક્ટ
(C) Family Planning એક્ટ
(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

203. સર્ગભાવસ્થામાં એનીમીયા (પાંડુરોગ)ની સારવાર ન કરવામાં આવે તો નીચેના પૈકી કઈ આડઅસરો જોવા મળે છે ?
(A) કસુવાવડ
(B) બાળક નબળું જન્મે
(C) બાળક ઓછા વજનનું જન્મે
(D) ઉપરોક્ત બધાજ

204. આર્યન ફોલિક એસિડની ગોળીઓ સાથે વર્ષમાં બે વખત કઈ ગોળીઓ આપવામાં આવે છે ?
(A) કેલ્શીયમ
(B) કૃમિનાશક
(C) વિટામીન સી
(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

205. સમુદાયમાં મેલેરીયાના નિયંત્રણના પગલા નીચેના પૈકી કયા રાષ્ટ્રીય કાર્યક્રમ અંતર્ગત લેવામાં આવે છે ?
(A) રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ
(B) રાષ્ટ્રીય પાંડુરોગ નિવારણ કાર્યક્રમ
(C) રીવાઈઝ્ડ નેશનલ ટ્યુબરક્યુલોસીસ કન્ટ્રોલ પ્રોગ્રામ
(D) ઉપરોક્ત બધાજ

206. ક્ષય (ટી.બી.) રોગનું જોખમ નીચેના પૈકી કોને વધુ હોય છે ?
(A) કુપોષિત વ્યક્તિઓને
(B) હવાની ઓછી અવરજવર વાળા ઘરોમાં રહેતા લોકોને
(C) વધુ પડતુ ધુમ્રપાન કરનારને
(D) ઉપરના બધાને

207. મમતા દિવસની કામગીરીમાં નીચેના પૈકીનું કોણ સુસંગત નથી ?
(A) એ.એન.એમ. / ફીમેલ હેલ્થ વર્કર
(B) આશા વર્કર
(C) આંગણવાડી વર્કર
(D) પ્રાથમિક શાળાના શિક્ષક

208. નીચેના પૈકી કયા લક્ષણો જોખમી નવજાત શિશુના છે ?
(A) બાળક જન્મ પછી તરત જ રડે નહી
(B) બાળકને શ્વાસ લેવામાં તકલીફ
(C) બાળકનું શરીર ભૂરુ પડી જાય
(D) ઉપરોક્ત બધાજ

209. કાંગારૂ મધર કેર નીચેના પૈકી કયા નવજાત શિશુને આપવાની હોય છે ?
(A) અધુરે મહિને / ઓછા વજનના નવજાત શિશુને
(B) તંદુરસ્ત બાળકને
(C) નવજાત શિશુનું વજન 3 કિલોથી વધારે હોય
(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

210. IMNCI નું પુરું નામ ?
(A) ઈન્ટીગ્રેટેડ મેનેજમેન્ટ ઓફ નીઓનેટલ એન્ડ ચાઈલ્ડહૂડ ઈલનેશીસ
(B) ઈન્ડીયન મેનેજમેન્ટ ઓફ ન્યુટ્રીશન એન્ડ ચાઈલ્ડ ઈલનેશીસ
(C) ઈન્ટીગ્રેટેડ મેનેજમેન્ટ ઓફ ન્યુ બોર્ન એન્ડ ચાઈલ્ડહૂડ ઈલનેશીસ
(D) ઈન્ટીગ્રેટેડ મેનેજમેન્ટ ઓફ ન્યુ ચાઈલ્ડ ઈનીશ્યેટીવ

211. ઈ.ડી.ડી. એટલે ?
(A) સુવાવડની અંદાજીત તારીખ
(B) સુવાવડની નક્કી તારીખ
(C) છેલ્લા માસિકની તારીખ
(D) ઉપરમાંથી કોઈ નહીં

212. નીચેના પૈકી ગર્ભધારણ થવાના ચિહ્નો કયા છે ?
(A) માસિકનો અટકાવ
(B) સવારે ઉલ્ટી / ઉબકા
(C) ખોરાક પ્રત્યે અરૂચિ
(D) ઉપરના બધાજ

213. કિશોરી શક્તિ યોજનાના લાભાર્થી નીચે પૈકીના કોણ છે ?
(A) અધવચ્ચેથી અભ્યાસ છોડી દેનાર 11 થી 19 વર્ષની કિશોરીઓ
(B) શાળાએ જતી કિશોરી
(C) કિશોર વય જૂથના બાળકો
(D) ઉપરોક્ત કોઈ નહી

214. દરેક જીવિત જન્મની નોંધણી કેટલા દિવસમાં કરાવવાની હોય છે ?
(A) 21 દિવસ
(B) 14 દિવસ
(C) 07 દિવસ
(D) 30 દિવસ

215. નીચેના પૈકી કયો ખાદ્યપદાર્થ કાર્બોહાઈડ્રેટ ધરાવતો નથી ?
(A) બટાકા
(B) ચોખા
(C) દાળ
(D) વેજીટેબલ તેલ

216. વિટામીન સી નીચેના પૈકી અન્ય કયા નામથી ઓળખાય છે ?
(A) ફોલેસીન
(B) એસ્કોર્બિક એસિડ
(C) નાયસીન
(D) કોબાલામીન

217. મેક્રોન્યુટ્રીયન્ટ એટલે ?
(A) જે પોષકતત્ત્વની વધુ પ્રમાણમાં જરૂરિયાત હોય
(B) જે પોષકતત્ત્વની ઓછી જરૂરિયાત હોય
(C) જે પોષકતત્ત્વો શરીરમાંજ બની જતા હોય
(D) ઉપરમાંથી કોઈ નહીં

218. HIV નીચેનામાંથી કઈ રીતે ફેલોતો નથી ?
(A) સોથે ન્હાવાથી તથા જમવાથી
(B) આખો દિવસ સાથે રહેવાથી
(C) જાહેર શૌચાલયનો ઉપયોગ કરવાથી
(D) ઉપરોક્ત જણાવેલ બધા વિકલ્પથી ફેલાતો નથી

219. પ્રસૂતિ ક્યાં કરાવવાથી માતા બાળકની સલામતી વધે છે ?
(A) ઘરે દાઈમાંની દેખરેખમાં
(B) દાયણ પાસે
(C) દવાખાનામાં જ
(D) દરેક જગ્યાએ સલામત જ છે

220. સ્ત્રીએ ગર્ભ ધારણ કર્યો છે કે નહીં તે જાણવા માટે આશા વર્કર / આંગણવાડી કાર્યકર શેની તપાસ કરી આપે છે ?
(A) પેશાબની તપાસ
(B) લોહીની તપાસ
(C) સ્પર્મ કાઉન્ટની તપાસ
(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

221. બાળકને બોટલથી દૂધ આપવું જોઈએ કારણ કે તેમ કરવાથી...
(A) દૂધ સ્વચ્છ રહે છે.
(B) બાળકના વિકાસમાં મદદ રૂપ થાય છે.
(C) જલ્દી ખાતા શીખે છે.
(D) ઉપરમાંથી કોઈ નહીં

222. જે વિસ્તારમાં પાણીમાં ફ્લોરાઈડની માત્રા વધુ હોય ત્યાં કયા રોગનું પ્રમાણ વધારે હોય છે ?
(A) એમેબીઓસીસ
(B) ફ્લોરોસીસ
(C) એમ્બોલીઝમ
(D) કોઈ રોગ થતો નથી

223. બાળકોમાં હાથ બરાબર ધોયા વગર જમવાથી સામાન્ય રીતે શું થવાનો ભય રહે છે ?
(A) મેલેરીયા
(B) ઝાડા
(C) ડેન્ગ્યુ
(D) વર્ટીગો

224. બાળકોના સારા આરોગ્ય માટે આંગણવાડીમાં શું શીખવવું જોઈએ ?
(A) નિયમીત નખ કાપવા
(B) દરરોજ દાંત સાફ કરવા
(C) દર રોજ સ્નાન કરવું - જમતા પહેલાં હાથ પગ ધોવા
(D) ઉપરોક્ત બધાજ મુદ્દાઓ

225. 'મુખ્ય સેવિકા'ની નોકરી જે પ્રવૃત્તિ માટે છે તે સરકારના કયા વિભાગ હેઠળ આવે છે ?
(A) મહિલા અને બાળ વિકાસ
(B) બાળ સંરક્ષણ વિભાગ
(C) આરોગ્ય વિભાગ
(D) મહિલા સંરક્ષણ વિભાગ

226. ડેન્ગ્યુ શાનાથી ફેલાય છે ?
(A) માખીથી
(B) મચ્છરથી
(C) દુષિત ખોરાકથી
(D) હવાથી

227. કેવી માતા બાળક ને સ્તનપાન કરાવવામાં સક્ષમ નથી ?
(A) જેના સ્તનનું કદ નાનું હોય
(B) જે માતાનું વજન ઓછું હોય
(C) જે માતાની ઊંચાઈ ઓછી છે
(D) ઉપરોક્ત કોઈ વિકલ્પ સાચો નથી

228. પ્રસૂતિ પછી તરત જ બાળકને ક્યાં રાખવાની ભલામણ કરાય છે ?
(A) સગા સંબધી પાસે
(B) સ્ત્રી રોગ નિષ્ણાંત પાસે
(C) માતાના પડખામાં
(D) એવુ કાંઈ નથી

229. ટીબી રોગના પરીક્ષણમાં શેની તપાસ કરવામાં આવે છે ?

(A) લોહીની તપાસ
(B) ગળફાની તપાસ
(C) મળની તપાસ
(D) પેશાબની તપાસ

230. શરીરમાં કેલ્શીયમનું શોષણ થવા માટે કયુ સુક્ષ્મ પોષકતત્ત્વ જરૂરી છે ?

(A) વિટામીન એ
(B) લોહતત્ત્વ
(C) ઝીંક
(D) વિટામીન ડી

231. સારા સ્વાસ્થ્ય માટે કેવા ખોરાકની ભલામણ કરાય છે ?

(A) સ્ટાર્ચ યુક્ત
(B) પ્રોટીન યુક્ત
(C) રેષા યુક્ત
(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં

232. જન્મ પછી બાળક તરત જ...

(A) હાથ પગ ઉછાળે તે જરૂરી છે.
(B) રડવાનું શરૂ કરે
(C) આંખો ઉઘાડે તે જરૂરી
(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

233. માંસાહારી ખાદ્ય પદાર્થમાં નીચેના પૈકી કયુ પોષકતત્ત્વ ઘણા ઓછા પ્રમાણમાં હોય છે ?

(A) કાર્બોદિત પદાર્થ
(B) ચરબી
(C) પ્રોટીન
(D) લોહતત્ત્વ

234. ઈંડામાં .......... પોષકતત્ત્વ હોતું નથી.

(A) વિટામીન સી
(B) પ્રોટીન
(C) વિટામીન એ
(D) કેલ્શીયમ

235. સુવિધાજનક ખાદ્ય પદાર્થો એટલે ?

(A) ડબ્બાબંધ ખાદ્ય પદાર્થો
(B) પડીકાબંધ ખાદ્ય પદાર્થો
(C) ઠારેલા (ફ્રોઝન) ખાદ્ય પદાર્થો
(D) ઉપરોક્ત બધા જ

236. નીચેના પૈકી કઈ રાંધણ પદ્ધતિ થી વિટામીન સી નો નાશ થાય છે ?

(A) ઉકાળવુ
(B) આથો લાવવો
(C) ફણગાવવું
(D) ઉપરમાંથી એકેય નહીં

237. બીટા કેરોટીન પોષકતત્ત્વ નીચેના પૈકી શામાંથી મળતું નથી ?

(A) દૂધ
(B) લીલા પાંદડા વાળા શાકભાજી
(C) પાકું પપૈયુ
(D) પાકી કેરી

238. નીચેના પૈકી કયુ કાર્ય પ્રોટીનનું મુખ્ય કાર્ય છે ?

(A) શરીરને શક્તિ પૂરી પાડવી
(B) શરીરની વૃદ્ધિ અને વિકાસ કરવો
(C) ચરબીને ઉપયોગમાં લેવાનું કાર્ય
(D) આહારને સ્વાદિષ્ટ બનાવવો

239. સર્ગભાવસ્થા દરમ્યાન આઈ.એફ.એ. (IFA)ની ગોળી કયા મહિનાથી ચાલુ કરવી જોઈએ ?

(A) સર્ગભાવસ્થાના 4થા મહિનાથી
(B) સર્ગભાવસ્થાના છેલ્લા મહિનામાં
(C) ગમે ત્યારે કરી શકાય
(D) સર્ગભાવસ્થાના પહેલા મહિનામાં

240. બાળકોના ઉપરી આહારમાં લોહતત્ત્વનું પ્રમાણ વધારવા નીચે પૈકી શું કરવું જોઈએ ?

(A) ઉપરી આહારમાં લીલા પાંદડાવાળા શાકભાજી ઉમેરવા જોઈએ
(B) ઉપરી આહારમાં ખાંડ/ગોળ ઉમેરવા
(C) ઉપરી આહારમાં ઘી/તેલ ઉમેરવા
(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

241. બાળકની જિંદગી માટે વૃદ્ધિ અંગે મહત્ત્વના સમયગાળા .......... છે.

(A) ગર્ભ દરમ્યાન નવ મહિના
(B) શૈશવ અવસ્થાનું પહેલું વર્ષ
(C) તરૂણાવસ્થા
(D) ઉપરના બધાજ

242. ઉપરી આહારમાં કેલ્શીયમની ગુણવત્તા સુધારવા માટે નીચેના પૈકી શું કરવું જોઈએ ?

(A) ઉપરી આહારમાં લીલા પાંદડાવાળા શાકભાજી ઉમેરવા
(B) ઉપરી આહારમાં રાગી-નાગલી ઉમેરવી
(C) ઉપરી આહારમાં દૂધ ઉમેરવું
(D) ઉપરોક્ત બધા જ

243. પંડિત દીન દયાલ ગ્રાહક વસ્તુ ભંડાર એટલે ?

(A) સાર્વજનિક વિતરણ તંત્રની દુકાન
(B) કુદરતી આફત સમયે ચાલુ કરવામાં આવતી દુકાન
(C) શ્રમિક અન્નપૂર્ણા યોજના
(D) ઉપરોક્તમાંથી કોઈ નહી

244. આંગણવાડીમાં બાળકોના ગ્રોથ ચાર્ટમાં વૃદ્ધિ આલેખમાં ઉપરની તરફ જતો વૃદ્ધિ વળાંક .......... સૂચવે છે.

(A) સારી વૃદ્ધિ
(B) વજનમાં ઘટાડો
(C) વજનમાં કોઈ સુધારો નહીં
(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

245. વ્યક્તિ ને વિટામીન $B_1$ ની ઉણપથી કયો રોગ થાય છે ?

(A) બેરીબેરી
(B) પેલાગ્રા
(C) સ્કર્વી
(D) ડાયેરીયા

246. સમુદાયને આરોગ્ય અને પોષણના શિક્ષણ માટે કયા પ્રકારનું કાઉન્સેલીંગ ઉપયોગી છે ?

(A) ગ્રુપ
(B) ઈન્ટર પર્સનલ
(C) માસ કાઉન્સેલીંગ
(D) ઉપરના બધા જ

247. નીચેની જોડી પૈકી કઈ જોડી સાચી છે ?

| | |
|---|---|
| 1. જૂથ ભાવની કેળવણી | (a) શૈક્ષણિક પરામર્શ |
| 2. કારકિર્દી અંગે માહિતી | (b) સામાજિક પરામર્શ |
| 3. ઉદ્યોગ સાહસિક્તા કેળવણી | (c) સ્વાસ્થ્ય પરામર્શ |
| 4. જાતિય શીક્ષણ | (d) વ્યવસાય પરામર્શ |

(A) 1 - b, 2 - c, 3 - a, 4 - d
(B) 1 - b, 2 - a, 3 - d, 4 - c
(C) 1 - d, 2 - a, 3 - b, 4 - c
(D) 1 - a, 2 - c, 3 - b, 4 - d

248. આંગણવાડી કાર્યકર દ્વારા ભરવામાં આવતો MPR એટલે ?

(A) મન્થલી પ્રોગ્રેસ રીપોર્ટ
(B) મેથડ પ્રોગ્રેસ રીપોર્ટ
(C) માઈનર પ્રોગ્રેસ રીપોર્ટ
(D) મેનેજમેન્ટ પ્રોગ્રેસ રીપોર્ટ

249. નિશ્ચય કીટનો ઉપયોગ નીચેના પૈકી શેના માટે કરવામાં આવે છે ?

(A) ગર્ભાવસ્થાના પરીક્ષણ માટે
(B) ગર્ભપાત માટે
(C) મેલેરીયા માટે
(D) ટી બી માટે

250. નીચે જણાવેલ વિકલ્પ પૈકી કયુ સાચુ છે ?

| | |
|---|---|
| 1. આંગણવાડી કાર્યકર | (a) મધ્યાન્હ ભોજન યોજના |
| 2. પ્રા. શાળા શિક્ષક | (b) આઈ સી ડી એસ પ્રોગ્રામ |
| 3. સી ડી પી ઓ | (c) વૃદ્ધિ માપન |

(A) 1 - c, 2 - a, 3 - b
(B) 1 - a, 2 - b, 3 - c
(C) 2 - c, 3 - a, 1 - b
(D) કોઈ વિકલ્પ સાચો નથી

251. ગોઈટર નામનો રોગ કઈ ગ્રંથિના ફુલવાથી થાય છે ?

(A) એડ્રીનલ
(B) થાઈરોઈડ
(C) પીટયુટરી
(D) ઉપર પૈકી કોઈ નહીં

252. ગ્રોથ મોનીટરીંગ એટલે ?

(A) નિયમીત નક્કી કરેલા સમયના અંતરે બાળકના વજનની વધ ઘટની તપાસ કરી માતાને યોગ્ય સલાહ આપવી.
(B) વજન કરવું
(C) બાળક જ્યારે આવે ત્યારે વજન કરવું
(D) ઉપર પૈકી કોઈ નહીં

253. પ્રીવેન્શન ઓફ ફૂડ એડલ્ટરેશન એક્ટ (PFA) ભારતમાં ક્યારથી અમલમાં છે ?

(A) વર્ષ 1955 થી
(B) વર્ષ 1960 થી
(C) વર્ષ 1947 થી
(D) વર્ષ 2000 થી

254. આંગણવાડીમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપતી વખતે વાર્તા કથન દરમિયાન નીચેના પૈકી કઈ સહાયક સાધન સામગ્રી ઉપયોગમાં લઈ શકાય ?

(A) સચિત્ર પુસ્તિકા
(B) ફ્લેશ કાર્ડ
(C) કઠપૂતળી
(D) ઉપરના બધાજ

255. આંગણવાડીના બાળકોને વાર્તા દ્વારા સમજાવતી વખતે આંગણવાડી કાર્યકર તેને રસપ્રદ બનાવવા નીચે પૈકી શું કરી શકે ?

(A) યોગ્ય શબ્દોની પસંદગી
(B) અવાજમાં આરોહ-અવરોહ
(C) ચહેરા પરના હાવભાવ
(D) ઉપરોક્ત બધાજ

256. એક સારા બાળગીતની વિશેષતા નીચેના પૈકી કઈ હોવી જોઈએ ?

(A) બાળગીતનો લય સાદો અને સરળ હોય
(B) સરળ શબ્દો/ભાષાનો ઉપયોગ હોય
(C) ગીતમાં પરિચિત ઘટનાઓ અને સંદર્ભ હોવો જોઈએ
(D) ઉપરોક્ત બધા જ

257. આંગણવાડીના 3 થી 6 વર્ષના બાળકોમાં આત્મવિશ્વાસનો વિકાસ થયો છે તે જાણવા માટે નીચેના પૈકી કયા મુદ્દા સુસંગત છે ?

(A) બાળક પોતે પોતાના સાથીઓ અને મોટાઓ સાથે વાતચીત કરી
(B) નવી પરિસ્થિતિ અને નવી ચીજો ને તપાસે - શોધે
(C) આંગણવાડી કેન્દ્રના નવા લોકો અને નવા નિત્યક્રમ સાથે અનુકુલન કરે
(D) ઉપરોક્ત બધા જ મુદ્દા

258. જન્મથી બે વર્ષ સુધીનો સમયગાળો શું કહેવાય ?

(A) શૈશવ અવસ્થા
(B) બાલ્યાવસ્થા
(C) પૂર્વ શાલેય અવસ્થા
(D) ઉપર પૈકી કોઈ નહીં

259. 'વિકાસ' શબ્દ નીચેના પૈકી શું સુચવે છે ?

(A) બાળકના શારિરીક ફેરફારો
(B) વૈચારિક ક્ષમતા
(C) સામાજિક અને ભાવનાત્મક વર્તન
(D) ઉપરોક્ત બધા જ

260. વિકાસ શબ્દ માટે નીચેના પૈકી કયુ સાચું નથી ?

(A) વિકાસ તબક્કાવાર હોય છે.
(B) દરેક વિકાસ પહેલા વિકાસ પર આધારિત નથી.
(C) વિકાસ એવી પ્રક્રિયા છે કે જેમાં બાળક નિપૂણતાથી કાર્યો શીખે છે.
(D) ઉપર પૈકી કોઈ નહીં

261. ગર્ભાવસ્થા દરમિયાન સર્વપ્રથમ વિકાસ નીચે પૈકી કોનો થાય છે ?

(A) માથાનો ભાગ
(B) ધડ
(C) હાથ પગ
(D) ઉપર પૈકી કોઈ નહીં

262. યુનો (રાષ્ટ્રસંઘ) દ્વારા બાળ હક્કો માટે ના જાહેરનામામાં હક્કોની સંખ્યા કેટલી છે ?

(A) 8
(B) 10
(C) 6
(D) 20

263. નેશનલ હેલ્થ પોલીસી 1983 અને 2002ની પ્રગતિને ધ્યાનમાં રાખીને નવી નેશનલ હેલ્થ પોલીસી ભારતમાં ક્યારે અમલમાં આવી ?

(A) વર્ષ 2017
(B) વર્ષ 2010
(C) વર્ષ 2015
(D) ઉપર પૈકી કોઈ નહીં

264. સમુદાયનું આરોગ્ય અને પોષણ સ્તર ઊંચુ લાવવા માટે ગ્રામ્ય કક્ષાએ નીચેના પૈકી કયા કાર્યકરો જવાબદાર છે ?

(A) આશા વર્કર
(B) આંગણવાડી કાર્યકર
(C) એ.એન.એમ.
(D) ઉપરોક્ત બધાજ

265. HDI એટલે ?

(A) હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્ષ
(B) હેલ્થ ડેવલપમેન્ટ ઈન્ડેક્ષ
(C) હ્યુમન ડીસીઝ ઈન્ડેક્ષ
(D) હેલ્થ ડેવલપમેન્ટ ઈન્ટીગ્રેશન

266. નીચે દર્શાવેલ ચાર પૈકી કઈ ત્રણ સંસ્થાઓની સહાય સંકલિત બાળ વિકાસ યોજનાને સંકલિત બાળ વિકાસ યોજનાને મળે છે ?

1. યુનિસેફ 2. સી ડી સી 3. કેર 4. વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ

(A) 1, 3, 4
(B) 1, 2, 3
(C) 2, 3, 4
(D) 1, 2, 4

267. ટ્રીપ્સીન ઈન્હીબીટર કયા પોષકતત્ત્વનું શરીરમાં શોષણ અટકાવે છે ?

(A) પ્રોટીન
(B) ચરબી
(C) વિટામીન એ
(D) કાર્બોદિત પદાર્થ

268. RBSK નું પુરું નામ ..........

(A) રાષ્ટ્રીય બલમ સુખમ કાર્યક્રમ
(B) રાષ્ટ્રીય બાલ સંજીવની કાર્યક્રમ
(C) રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ
(D) ઉપર પૈકી કોઈ નહીં

269. સર્ગભા સ્ત્રીના ખોરાકમાં વિવિધતા હોવી જોઈએ ના કારણો માટે નીચેના પૈકી કયો વિકલ્પ સાચો છે ?

1. બધા પોષકતત્ત્વો મેળવી શકાય.
2. સર્ગભાવસ્થા દરમ્યાન જરૂરી વજન વધારી શકાય.
3. પચવામાં સહેલુ પડે.
4. ઉદરમાં અપૂરતો વિકાસ કરી શકે.

(A) 1 અને 2
(B) 2 અને 4
(C) 3 અને 4
(D) 4 અને 1

270. સ્વસ્થ બાળકનો જન્મ થાય તે માટે સર્ગભાએ શું ધ્યાનમાં રાખવું જોઈએ ?

1. શારીરીક અને માનસિક સ્વસ્થતા 2. આહારમાં વિવિધતા 3. સામાજીક કાર્ય કરવું 4. સંપૂર્ણ આરામ કરવો

(A) 1 અને 2
(B) 2 અને 3
(C) 1 અને 3
(D) 3 અને 4

271. શાળાએ જતા બાળકના પેક લન્ચમાં કયા પોષકતત્ત્વોનો સમાવેશ હોવો જ જોઈએ ?

1. પ્રોટીન 2. શક્તિ 3. વિટામીન્સ 4. ચરબી

(A) 1, 2, 4 (B) 2, 3, 4

(C) 4, 3, 1 (D) 1, 2, 3

272. FCI એટલે ..........

(A) ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા (B) ફૂડ કન્ટ્રોલ ઈન ઈન્ડીયા

(C) ફેમીલી કન્ટ્રોલ ઈન ઈન્ડીયા (D) ઉપર પૈકી કોઈ નહી

273. પૂર્વશાલેય બાળકોમાં જોવા મળતી ભાવનાત્મક વર્તણુક કઈ છે ?

(A) ગભરાવુ અને હસવું (B) ગભરાવુ અને ચિંતા

(C) હસવુ અને રડવુ (D) રડવુ અને ચિંતા

274. નીચે પૈકીનો કયો રોગ વારંવાર થાય તો પાંડુરોગની શક્યતા વધે છે ?

(A) ટાઈફોઈડ (B) કોલેરા

(C) ઝાડા (D) મેલેરીયા

275. 5 ગ્રામ ચરબી કેટલી ઉર્જા આપે છે ?

(A) 45 (B) 20

(C) 50 (D) 40

276. પૂર્વ પ્રાથમિક શિક્ષણ એ નીચેના પૈકી કઈ યોજનાનો ઘટક છે ?

(A) એન.એન.એમ.બી. (B) એન.આઈ.એન.

(C) આઈ.સી.ડી.એસ. (D) આઈ.સી.એમ.આર.

277. નીચેના વિધાનોમાંથી કયુ વિધાન સાચું છે તે જણાવો.

(A) ગાજરમાં બીટા કેરોટીન હોય છે. (B) દૂધમાં બીટા કેરોટીન હોય છે.

(C) દૂધમાં લોહતત્ત્વ હોય છે. (D) ઉપર પૈકી કોઈ નહીં

278. ખાદ્ય પદાર્થની ઘનતા માપવા કયુ સાધન વપરાય છે ?

(A) બેરોમીટર (B) વીસ્કોમીટર

(C) થર્મોમીટર (D) ઉપર પૈકી કોઈ નહીં

279. હાલમાં NRC માં અતિ કુપોષિત બાળક (SAM) ની સારવાર માટે કેટલા દિવસ દાખલ કરવામાં આવે છે ?

(A) 14 દિવસ (B) 30 દિવસ

(C) 8 દિવસ (D) ઉપર પૈકી કોઈ નહીં

280. કોઠા (વુડ એપલ)માં રહેલ નીચે પૈકી કયો પદાર્થ જેલી બનાવવા માટે જવાબદાર છે ?

(A) પેકટીન (B) સાઈટ્રીક એસિડ

(C) ડેક્ષ્ટ્રીન (D) ઉપર પૈકી કોઈ નહીં

281. નીચેના પૈકી કયો વારસાગત રક્ત વિકાર છે ?

(A) થેલેસેમીયા (B) આર્યન ડેફીશ્યન્સી અનીમીયા

(C) મેગાલોબ્લાસ્ટિક અનીમીયા (D) ઉપર પૈકી કોઈ નહીં

282. શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમમાં નીચેના પૈકી કયા લાભાર્થીઓ છે ?

(A) નવજાત શિશુથી 6 વર્ષના બાળકો

(B) ધો. 1 થી 12ના સરકારી શાળાના વિદ્યાર્થીઓ

(C) ધો. 1 થી 12ના ગ્રાન્ટ ઈન એઈડ શાળાના વિદ્યાર્થીઓ

(D) ઉપરોક્ત બધા જ

283. રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત DEIC એટલે ?
(A) ડીસ્ટ્રીક્ટ અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર
(B) ડીસ્ટ્રીકલ અર્લી ઈનીશ્યેટીન સેન્ટર
(C) ડેડીકેટેડ અર્લી ઈન્ટરવેન્શન ફોર ચાઈલ્ડ
(D) ઉપર પૈકી કોઈ નહીં

284. પોષણ માટે 2018 નું મુખ્ય થીમ શું હતું ?
(A) હર ઘર પોષણ ત્યોહાર
(B) પોષણ એ જ આધાર
(C) સ્તનપાન જીવનનો આધાર
(D) ઉપર પૈકી કોઈ નહીં

285. એનીમીયા કંટ્રોલ પ્રોગ્રામમાં અપાતી આઈ.એફ.એ. ગોળી માં .......... માઈક્રોગ્રામ ફોલિક એસિડ હોય છે.
(A) 60
(B) 500
(C) 100
(D) 1000

286. NHM નું પુરું નામ ?
(A) ન્યુટ્રીશન હેલ્થ મીશન
(B) નેશનલ હેલ્થ મીશન
(C) નેશનલ હેલ્થ મીડીયા
(D) નેશનલ હાઉસ મીશન

287. O.R.S. નું પુરું નામ ?
(A) ઓરલ રીનલ સોલ્યુશન
(B) ઓરલ રીહાઈડ્રેશન સોલ્યુશન
(C) ઓરલ રેડી સોલ્યુશન
(D) ઓરલ રીહાઈડ્રેટ સોલ્યુટ

288. સર્ગભાવસ્થા દરમ્યાન વિશ્વ આરોગ્ય સંસ્થાના માપદંડ મુજબ જોખમી એનીમીયા ક્યારે કહેવાય ?
(A) હીમોગ્લોબીન 7 ગ્રામ/ડી.એલ. થી ઓછુ
(B) હીમોગ્લોબીન 12 ગ્રામ/ડી.એલ. થી વધારે
(C) હીમોગ્લોબીન 11 ગ્રામ/ડી.એલ. થી વધારે
(D) ઉપર પૈકી કોઈ નહીં

289. રૂધિરને જામી જવાની પ્રક્રિયામાં .......... વિટામીન મદદ કરે છે.
(A) વિટામીન C
(B) વિટામીન K
(C) વિટામીન A
(D) વિટામીન H

290. કૃમિનાશક ગોળી પાંડુરોગ નિવારણ કાર્યક્રમ અંતર્ગત વર્ષમાં કેટલી વાર આપવામાં આવે છે ?
(A) 2
(B) 1
(C) 3
(D) 4

291. પાંડુરોગ નિવારણ કાર્યક્રમ હેઠળ કૃમિનાશક ગોળી કયા મહિનામાં આપવામાં આવે છે ?
(A) ફેબ્રુઆરી અને ઓગષ્ટ
(B) ફેબ્રુઆરી
(C) ઓગષ્ટ
(D) ડિસેમ્બર

292. ખેતીવાડી પેદાશની ગુણવત્તાનું ધોરણ કોણ નક્કી કરે છે ?
(A) BSI - બી.એસ.આઈ.
(B) FPO - એફ.પી.ઓ.
(C) એગમાર્ક
(D) પી.એફ.એ.

293. નીચેનામાંથી કયા વિધાન પાંડુરોગ (એનીમીયા) અટકાવવા માટે સાચાં નથી ?
1. વિટામીન સી વાળા આહાર લો
2. વધુ રેષાવાળો ખોરાક લો
3. વધુ ચરબી વાળો ખોરાક લો
4. વધુ પ્રોટીન વાળો ખોરાક લો
(A) 1, 4
(B) 2, 3
(C) 1, 2
(D) 3, 4

294. 6 મહિનાની ઉપરના બાળકોને પૂરક આહાર ચાલુ કરતી વખતે નીચેના પૈકી શું ધ્યાનમાં રાખવું જોઈએ ?
(A) આહારમાં વિવિધતા
(B) આહાર સુપાચ્ય હોય
(C) આહારમાં જરૂરી પ્રોટીન અને શક્તિ (ઉર્જા) હોય
(D) ઉપરના બધાજ મુદ્દા

295. IYCF ગાઈડ લાઈન મુજબ નીચેના પૈકી કયુ વિધાન સાચું છે ?
(A) વારંવાર સ્તનપાન કરાવવાથી માતાના સ્તનમાં વધારે માત્રામાં ધાવણ આવે છે.
(B) વારંવાર સ્તનપાન કરાવવાથી દૂધ ઓછુ આવે છે.
(C) વારંવાર સ્તનપાન કરાવવાથી દૂધની ગુણવત્તા ઓછી થાય છે.
(D) ઉપર પૈકી કોઈ નહીં

296. IYCF ગાઈડ લાઈન મુજબ નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
(A) બાળક બે વર્ષનું થાય ત્યાં સુધી સ્તનપાન ચાલુ રાખવું
(B) દિવસે તેમજ રાત્રે બાળક માંગે ત્યારે સ્તનપાન કરાવવું.
(C) દર રોજ ઓછામાં ઓછું 8 થી 10 વખત ધવડાવવું.
(D) ઉપરોક્ત બધાજ

297. 6 મહિના થી નાના શિશુને ભૂખ લાગે તેના શરૂઆતના લક્ષણો નીચે પૈકી કયા છે ?
(A) બેચેની
(B) જીભને અંદર બહાર કાઢવી
(C) આગળી કે અંગૂઠો ચૂસવો
(D) ઉપરોક્ત બધા જ

298. ગર્ભવતી મહિલા એ પ્રસૂતિ પહેલા ઓછામાં ઓછી કેટલી એ.એન.સી. (ANC) તપાસ કરાવવી જોઈએ ?
(A) 4
(B) 3
(C) 2
(D) 1

299. સામાન્ય રીતે સામુહિક આરોગ્ય કેન્દ્ર ક્યાં આવેલું હોય છે ?
(A) જિલ્લા કક્ષાએ
(B) તાલુકા કક્ષાએ
(C) ગ્રામ્ય કક્ષાએ
(D) ઉપર પૈકી કોઈ નહીં

300. જીવનના પ્રારંભિક 1000 દિવસ એટલે ?
(A) સર્ગભાવસ્થા અને નવજાત શિશુ ના જન્મ પછીના બે વર્ષ
(B) પૂર્વ શાલેય અવસ્થાના 3 વર્ષ
(C) ધાત્રી અવસ્થા
(D) ઉપર પૈકી કોઈ નહીં